dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 103 | AD - 2025, Paush Vud- 03 | Thursday, Dt.16-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




# જાફરાબાદમાં કપાસ ખરીદી કેન્દ્રનો પ્રારંભ : ૪૦ ગામના ખેડૂતોને મળશે લાભ

જાફરાબાદ, તા.૧૫



જાફરાબાદ તાલુકાના હેમાળ ખાતે આવેલા ખેડૂત કોટેક્ષ ખાતે ધી કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા કપાસ ખરીદ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કેન્દ્ર ટીંબી માર્કેટયાર્ડના સંચાલન હેઠળ કાર્યરત થયું છે, જેનો ઉદ્દ્યાટન સમારોહ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જાફરાબાદ તાલુકાના ૪૦ ગામના ખેડૂતોને અગાઉ કપાસ વેચાણ માટે રાજુલા કે મહુવા સુધી જવું પડતું હતું. આ મુશ્કેલીના નિવારણ માટે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને ટીંબી માર્કેટયાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળે સરકારમાં કરેલી રજૂઆતને પગલે આ કેન્દ્રની મંજૂરી મળી હતી. કાર્યક્રમમાં ટીંબી માર્કેટયાર્ડના ગૌતમભાઈ વરુ, કરશનભાઈ ભીલ, કુલદીપભાઈ વરુ, કનુભાઈ પડસાલા, જગાભાઈ એભલવડ, રમેશભાઈ બાંભણિયા, પ્રકાશભાઈ વરુ, કાનાભાઈ બાંભણિયા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા.

# ગૌમાતા પોષણ યોજના હેઠળ દૈનિક સબસિડી રૂા. ૩૦થી વધારીને રૂા. ૧૦૦ કરવા કરી રજૂઆત

**ગૌમાતાની વહારે આવ્યા લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા**

લાઠી, તા.૧૫



ગુજરાત રાજ્યના લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગૌમાતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવતા એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર લખીને રાજ્યભરની ગૌશાળાઓ અને પાંજરાપોળમાં રહેતી ગાયો માટે દૈનિક સબસિડીમાં નોંધપાત્ર વધારો કરવાની માગણી કરી છે. વર્તમાન સમયમાં ગૌમાતા પોષણ યોજના અંતર્ગત દરેક પશુ દીઠ દૈનિક રૂા.૩૦ની સબસિડી આપવામાં આવે છે. જનકભાઈ તળાવીયાએ આ રકમ વધારીને રૂા.૧૦૦ કરવાની દરખાસ્ત કરી છે. તેમની આ માગણી પાછળનો મુખ્ય હેતુ રાજ્યભરની ગૌશાળાઓ અને પાંજરાપોળમાં રહેતી ગાયોની બેહતર સંભાળ સુનિશ્ચિત કરવાનો છે. સતત લોકહિતની ચિંતા કરતા આ ધારાસભ્યએ ગૌમાતાની સેવા અને સંરક્ષણ માટે આ મહત્વપૂર્ણ પહેલ કરી છે.

# રાજુલા શહેરમાં મહિલાને જેમ ફાવે તેમ ગાળો આપી

**રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી.સિંધવે વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા.૧૫

રાજુલામાં રહેતી એક મહિલાને ગાળો આપવામાં આવી હતી. ગીતાબેન રણજીતભાઈ વાળા (ઉ.વ.૩૪) એ શેલારભાઈ બચુભાઈ ધાખડા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિ સાથે અજયભાઈ ખુમાણે કોઈ વાતને લઈ માથાકૂટ કરી હતી. જેથી તેમને સમજાવવા દુકાને ગયા હતા. તેઓ સમજાવતા હતા ત્યારે સામાવાળા આવી ગયા હતા અને તેને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી ગાયત્રી મંદિર ખાતે ૧૬૦મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૫



અમરેલી ગાયત્રી મંદિર ખાતે ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને રણછોડદાસ હોસ્પિટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૧૬૦મા નેત્ર નિદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મનિષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં ૫૫ જેટલા લાભાર્થીઓએ નેત્ર તપાસનો લાભ લીધો હતો. સ્વ. પ્રાગજીભાઈ નારણભાઈ તળાવીયાના સ્મરણાર્થે તેમના પુત્ર વિઠ્ઠલભાઈ તળાવીયા દ્વારા આ કેમ્પ માટે અનુદાન પૂરું પાડવામાં આવ્યું હતું. કેમ્પના ઉદ્ઘાટક અને મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.ના CEO બી.એસ. કોઠિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ટ્રસ્ટી બાબુભાઈ રાજ્યગુરુ, હંસરાજભાઈ સાકરીયા, નાનજીભાઈ પાથર, ધીરુભાઈ દેસાઈ અને વ્યવસ્થાપક ટ્રસ્ટી હિરેનભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કલ્પેશભાઈ ખેરૈયાએ કેમ્પમાં મહત્વપૂર્ણ સેવાઓ આપી હતી. કેમ્પને સફળ બનાવવામાં ભાર્ગવ ત્રિવેદી, ગોંપેશ ગજેરા, ભીખુભાઈ ડાભી વગેરેએ યોગદાન આપેલ.

# ધારીની લાલજીભાઈ ગૌશાળા માટે દાનની અપીલ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૧૫



ધારી તાલુકામાં આવેલી પ્રખ્યાત લાલજીભાઈ ગૌશાળા માટે તીન પત્તી ચોક ખાતે દાનની અપીલ કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌ સેવકો દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી આ ગૌશાળા માટે, પક્ષીઓને ચણ અને કૂતરાને રોટલા માટે સતત નિઃસ્વાર્થ સેવા કરવામાં આવે છે. આ ગૌ સેવકો દ્વારા બીજા ઘણા સમાજ ઉપયોગી કાર્યો પણ કરવામાં આવે છે.

# રુદ્રગણ દ્વારા રાજુલાની પૂંજાબાપુ ગૌશાળાને રૂા.૭.૭૭ લાખનું દાન

રાજુલા, તા.૧૫



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાની પૂંજાબાપુ ગૌશાળામાં મકરસંક્રાંતિના પાવન પર્વે રુદ્રગણ દ્વારા રૂા.૭,૭૭,૭૭૭નું માતબર દાન અર્પણ કરવામાં આવ્યું હતું. રુદ્રગણ દ્વારા વર્ષોથી આયોજિત થતા આનંદ મેળાની આવકમાંથી આ દાન કરવામાં આવ્યું છે. પૂંજાબાપુ ગૌશાળામાં ૮૦૦થી વધુ બીમાર અને અશક્ત ગાયોની સેવા કરવામાં રહી છે. આ ગાયોની સારવાર અને સંભાળ માટે રુદ્રગણ દ્વારા કરવામાં આવેલું આ દાન મહત્વપૂર્ણ યોગદાન બની રહેશે. દાન અર્પણ સમારોહમાં રુદ્રગણના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા ગૌશાળાના ટ્રસ્ટીઓને રૂા.૭,૭૭,૭૭૭નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શહેરના અગ્રણી વેપારીઓ, કાર્યકરો અને ટ્રસ્ટીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડુંગર વિસ્તારમાં મકરસંક્રાંતિ નિમિત્તે પોલીસ દ્વારા સેવા કાર્ય

રાજુલા, તા.૧૫



ડુંગર વિસ્તારમાં મકરસંક્રાંતિ નિમિત્તે જરૂરીયાતમંદ લોકોમાં ડુંગર પોલીસ દ્વારા મમરાના લાડુ અને શેરડીનું વિતરણ કરવામાં આવેલ. આ વિતરણ કાર્ય માટે પી.એસ.આઈ એમ.ડી.ગોહીલ, એ.એસ.આઈ એમ.કે.પીછડીયા, એ.એસ.આઈ. વી.વી.ગુર્જર, કોન્સ્ટેબલ કનુભાઈ મોભ, કોન્સ્ટેબલ મહેશભાઈ ખેરાળા, કોન્સ્ટેબલ મેહુલભાઈ બારૈયા, કોન્સ્ટેબલ રવિરાજભાઈ ધાખડાએ જહેમત ઉઠાવી હતી.

# ખેલ મહાકુંભમાં નાની કુંડળ શાળાનો ડંકો: રસ્સા ખેંચમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન

બાબરા, તા.૧૫



બાબરા તાલુકાની નાની કુંડળ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૩.૦માં શાનદાર પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. રમત-ગમત ક્ષેત્રે આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત યોજાયેલી રસ્સા ખેંચ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓની આ સફળતા શાળા માટે ગર્વની ક્ષણ બની રહી છે.

# અમરેલીમાં બાવનગામ કડવા પાટીદાર સમાજનો ૧૦મો સમૂહ લગ્નોત્સવ યોજાશે

**કાર્યક્રમમાં ૨૮ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં પાડશે**

અમરેલી, તા.૧૫

અમરેલી વિસ્તારમાં બાવનગામ કડવા પાટીદાર સમાજનો આજે ૧૦મો સમૂહલગ્ન યોજાશે. લગ્ન સમિતિઓ તેમજ મતિરાળા ગામ કડવા પાટીદાર સમાજ તથા સહયોગી સંસ્થાઓ સિદ્ધિવિનાયક સેવા મંડળ, જીવનદીપ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત મતિરાળા ક્રિએટીવ ચેરિટેબલ ટ્રસ્ટ સુરતના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કાર્યક્રમમાં ૨૮ નવદંપતીઓ પ્રભુતામાં પગલાં પાડશે.

# રાજુલામાં રસ્તા પર પડેલી ચાઈનીઝ દોરીનો નાશ કરાયો

રાજુલા, તા.૧૫



મકરસંક્રાંતિનાં પર્વ દરમિયાન ચાઈનીઝ દોરી ઝાડ પર અથવા તો રસ્તામાં લટકતી હોય ત્યારે રાહદારીઓ અને પક્ષીઓને નુકસાન કરે છે. જે માટે નેચર કલબ રાજુલા દ્વારા આ દોરીઓ ભેગી કરી અને નાશ કરવામાં આવ્યો હતો. અને હજુ પણ આવી દોરીઓ એકઠી કરી પક્ષી બચાવો અભિયાનમાં જોડાવા રાજુલા નેચર કલબ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# અમરેલીમાંથી હેર કટિંગના ધંધાર્થી પાસેથી ચાઈનીઝ બનાવટની ૯ ફિરકી મળી

અમરેલી, તા.૧૫

અમરેલીમાં ખડપીઠ, જુની જેલ પાછળ શ્યામના ડેલા પાસેથી હેર કટિંગના ધંધાર્થી પાસેથી પતંગ ઉડાડવાની ચાઈનીઝ બનાવટની દોરી મળી આવી હતી. આરોપી પાસેથી ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટિકની દોરીના ૯ કોકડા મળી આવ્યા હતા. પોલીસે ૧૩૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# જીરા ગામના યુવકનું સાવરકુંડલા ખાદી ભંડારના ગેટ પાસેથી બાઈક ચોરાયું

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના જીરા ગામે રહેતા સુલ્તાનભાઈ ઓસ્માનભાઈ સૈયદ (ઉ.વ.૩૭)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેના પત્ની યાસ્મીનબેનને ડીલીવરી માટે તેનું મોટરસાયકલ લઈને સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં દવાખાને આવ્યા હતા. બાજુમાં ખાદી ભંડારના ગેટ આગળ મોટરસાયકલ મૂકીને ગયા હતા. તેમણે આવીને જોયુ તો તેની મોટરસાયકલ નહોતું. આજુબાજુમાં તપાસ કરતા કયાંય મળી આવ્યું નહોતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં**

# અમરેલીમાં ધર્મજીવન હોસ્પિટલનો ભવ્ય પ્રારંભ થશે

**૧૦૦ બેડની મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ શરૂ થતાં વિસ્તારનાં લોકોને મેડિકલ સુવિધા મળશે**

અમરેલી, તા.૧૫

અમરેલીમાં રવિવારે ૧૦૦ બેડની ધર્મજીવન મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલનો ભવ્ય શુભારંભ કરવામાં આવશે. જેસીંગપરા-અમરેલી ખાતે બનેલી ધર્મજીવન હોસ્પિટલનાં ઉદ્દઘાટન સમારોહમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સહિતનાં આગેવાનો મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. નિર્માણકાર્યમાં મુખ્ય સેવાસહયોગ પોપટભાઈ બી. રાદડીયા, ધીરૂભાઈ જે.બાબરીયા અને રાકેશભાઈ



એચ. દુધાત તરફથી મળેલ છે. પરશોત્તમભાઈ રૂપાલા, કૌશિકભાઈ વેકરીયા, દિલીપભાઈ સંઘાણી, પ્રફુલભાઈ પાનસેરીયા, ભરતભાઈ સુતરીયા, ભરતભાઈ બોઘરા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ



તળાવીયા, જે.વી.કાકડીયા, હીરાભાઈ સોલંકી સહિતનાં રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે. સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ઉપસ્થિત સંતો-મહંતો અને હરિભક્તોની હાજરીમાં હોસ્પિટલનો શુભારંભ થશે.

૧૦૦ બેડની મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં હૃદયરોગ, ડાયાબિટીઝ, ફેફસાનાં રોગ, એપેન્ડીક્સ, પથરી, આંતરનાં રોગો, હાડકાનાં ઓપરેશનો, ગોઠણ અને થાપા, સાંધા, ગોળો બદલવાનાં ઓપરેશન, સ્ત્રી રોગ અને પ્રસૂતિ વિભાગ, નવજાત શિશુને પેટીમાં રાખવાની સુવિધા, રાહતદરે દાંતનાં ચોગઠાં, રૂટ કેનાલ, ડિજિટલ એક્સ-રે, સોનોગ્રાફી, અદ્યતન સાધનોથી સજ્જ લેબોરેટરી અને દવા, સર્પદંશ, વીજ કરંટ જેવી ઈજાઓની તાત્કાલિક સારવાર માટે ક્રિટીકલ કેર યુનિટ સહિતની મેડિકલ સેવાઓ મળશે.

## સા.કુંડલાના જાબાળ ગામે પત્નીએ ઠપકો આપતાં પતિએ ઝેરી દવા પીધી

**પત્નીએ વાડીએ કામકાજ બાબતે ઠપકો આપતાં પોતાની મેળે ઝેરી દવા પી લીધી**

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલાના જાબાળ ગામે એક પત્નીએ તેના પતિને વાડીએ કામકાજ મુદ્દે ઠપકો આપ્યો હતો. જેને લઈ લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી.

બનાવ અંગે ધર્મેશભાઈ મનસુખભાઈ શિણવીયાએ જાહેર કર્યા મુજબ, મનસુખભાઈ લખમણભાઈ શિણવીયા (ઉ.વ.૪૫)ને પત્નીએ વાડીએ કામકાજ બાબતે ઠપકો આપતાં પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી. જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના કે.આર. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

## બાઢડા ગામેથી ૧૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૫

સાવરકુંડલાના બાઢડા ગામેથી પોલીસે ૧૫ લીટર પીવાનો દેશી દારૂ સહિત ૩૦૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. વાવેરા ગામેથી પણ ૫ લીટર દેશી દારૂ સહિત ૧૦૧૮ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. અમરેલીમાં કુંકાવાવ જકાતનાકા સુળીયાટીંબો પાસેથી પોલીસે દેશી દારૂની ભઠ્ઠી ઝડપી હતી. આ સિવાય ચાર શરાબી ઝડપાયા હતા.

## રાજુલા ખાતે અબોલ પક્ષી બચાવો અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૧૫



રાજુલા અંબાજી મંદિર ખાતે અબોલ પક્ષી બચાવો અભિયાન કાર્યક્રમનું પૂર્વ પ્રમુખ ચિરાગ બી. જોષી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પક્ષીના માળા તથા કુંડા વિતરણ કરી જન જાગૃતિ અભિયાન કરવામાં આવ્યું હતું. મંદિનાર મહંત કનુબાપુ ગોંડલીયા, અંબાજી મંદિર ભક્તો, ગૃપ જોડાયા હતા. અંબાજી માતા પ્રાગટ્ય દિવસ હોવાથી માતાજીની પૂજા-અર્ચના કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

## વાશીયાળીના ઈશ્વરીયા હનુમાન મંદિરે સમસ્ત કોળી સમાજની મિટિંગ મળી

સાવરકુંડલા, તા.૧૫

માંધાતા પ્રાગટ્ય દિવસ નિમિત્તે મંગળવારે સાવરકુંડલા તાલુકાના વાશીયાળી ઈશ્વરીયા હનુમાન ખાતે સમસ્ત કોળી સમાજની મિટિંગ મળી હતી. જેમાં કોળી સમાજ સામાજિક-શૈક્ષણિક રીતે આગળ આવે, સમાજનું સંગઠન મજબુત બને તે માટે ચર્ચા થઈ હતી. જે ગામોમાં કોળી સમાજની વધુ વસ્તી છે ત્યાં દર ૧૫ દિવસે જઈને મિટિંગ બોલાવવી અને



સમાજને જાગૃત કરવો જોઈએ તેવા નિર્ણયો મિટિંગમાં લેવામાં આવ્યા હતા. વિવિધ ગામના આગેવાનોએ મંતવ્યો, સલાહ-સૂચનો કર્યા હતા. આ મિટિંગમાં સાવરકુંડલા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, તાલુકા પંચાયત સદસ્ય મુકેશભાઈ ખસીયા વગેરેએ મિટિંગમાં હાજરી આપી હતી.




**સંકુલ PG & પ્રોફેશનલ કોલેજ સમય**

| | | | |
|---|---|---|---|
| MA કોલેજ Psy-Soc-Eng | ૮:૪૦થી ૧૨:૪૫ | MBA કોલેજ GTU | ૯:૪૫થી ૩:૪૫ |
| M.Com. કોલેજ ઈ.મી.–ગુમી. | ૮:૪૦થી ૧૨:૪૫ | MCA કોલેજ GTU | ૯:૪૫થી ૩:૪૫ |
| M.Sc. કોલેજ માઈક્રો–BT | ૧૨:૦૦થી ૬:૧૫ | ફાર્મસી કોલેજ GTU | ૧૨:૦૦થી ૬:૧૫ |
| PG-DMLT કોલેજ | ૬:૩૦થી ૧૨:૪૫ | B.Ed. કોલેજ સૌ.યુનિ. | ૬:૩૦થી ૧૨:૪૫ |

★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટેસ્ટ – ત્રિમાસિક – છમાસિક – નવમાસિક પરીક્ષા
★ યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ સ્ટુડન્ટ્સ – યુનિવર્સિટી ટોપટેનમાં સંકુલ કોલેજ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 095




**નામ બદલાવેલ છે**

હું આથી જાહેર કરનાર,
તેલી આસીયાબેન અમીનભાઈ. મારું જૂનું નામ
તેલી આશીયા અમીન થી બદલીને
તેલી આસીયાબેન અમીનભાઈ કરવામાં આવ્યું છે. તેથી
હું તેલી આસીયાબેન અમીનભાઈ તરીકે ઓળખાવ છુ
સહી : તેલી આસીયાબેન અમીનભાઈ




**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૨૩૫/૨૦૨૪

અરજદાર :- શ્રી વડિયા ભુપેન્દ્રભાઈ બચુભાઈ
સરનામું :- મું.બાબરકોટ તા.જાફરાબાદ જી અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - બાબરકોટ
મું. બાબરકોટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના બાબરકોટ** ગામના શ્રી **વડિયા ભુપેન્દ્રભાઇ બચુભાઇ** એ તેમના **પુત્ર નામે શ્રી વડિયા નિલેષ ભુપેન્દ્રભાઇ નો જન્મ તા.૨૬/૧૦/૧૯૯૫ ના** રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૯ માહે.નવેમ્બર સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૨૯/૧૧/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ




**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation

ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેક્ચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરામાં ચોંકાવનારો બનાવ, સગીરે રીલ બનાવવા ઝેરી દવા ગટગટાવી

બગસરા,તા.૧૫

યુવાનોમાં સોશિયલ મીડિયા રીલ્સ બનાવવાનો ક્રેઝ ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે યુવાનો જીવનાં જોખમે સોશિયલ મીડિયામાં રીલ્સ મૂકી રહ્યા છે. અમરેલીનાં બગસરામાં સગીર બાળકે રીલ બનાવવાની લ્હાયમાં ઝેરી દવા પી લીધી હતી. બાળકનાં પરિવારજનોને આ સમગ્ર બાબતની જાણ થતા પરિવારજનો દ્વારા તાત્કાલીક બાળકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ અમરેલીના બગસરામાં રીલ બનાવવાની ઘેલછામાં સગીરે ઝેરી દવા પી લીધી હતી. બગસરામાં ખેત મજૂરનાં ૧૫ વર્ષીય બાળક અનિલ માવડાએ ઝેરી દવા પી લીધી હતી.



બાળકે ખેતી પાકમાં વપરાતી દવા પી જતા તેને તાત્કાલીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલે પરિવારજનો દ્વારા તપાસ કરતા સગીરે નવા વાઘણીયાની વાડીમાં રીલ બનાવવા દવા પી લીધી હોવાનું સામે આવ્યું હતું. ખેતીપાકમાં વપરાતી દવા પી જતા બાળકને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સોશિયલ મીડિયા માટે બનાવેલી રીલ બાળકના મોબાઈલમાંથી મળી આવી હતી.

# લાઠી તાલુકા પે.સે. શાળા ખાતે ખેલ મહાકુંભનું આયોજન કરાયું

**સ્પર્ધા દરમિયાન મહેમાનોએ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો**

લાઠી,તા.૧૫

લાઠી તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન તારીખ ૬-૧-૨૦૨૫ થી ૧૧-૧-૨૦૨૫ દરમિયાન તાલુકા પે.સે. શાળા લાઠી ખાતે કરવામાં આવ્યું હતું. આ ખેલ



મહાકુંભમાં વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તાલુકાના યુવા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં જીતુભાઈ ડેર - જિલ્લા પંચાયત સદસ્ય, ધર્મેશભાઈ સોની - લાઠી ભાજપ શહેર પ્રમુખ, હિતેષભાઈ સોરઠીયા અને મુકેશભાઈ મેતલિયા જેવા મહેમાનોએ હાજરી આપી હતી અને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મહેમાનોએ ખેલાડીઓને રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# લેટરકાંડના આરોપી જશવંતગઢના સરપંચને હોદ્દા પરથી દૂર કરાયા

અમરેલી, તા.૧૫

અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખના લેટરપેડનો ઉપયોગ કરી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને બદનામ કરવાના આરોપમાં જેલમાં રહેલા જશવંતગઢ ગામના સરપંચ અશોકભાઈ માંગરોળીયાને પંચાયત ધારાની જોગવાઈ મુજબ સરપંચ પદેથી દૂર કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી અમરેલીએ હુકમ કર્યો છે. અગાઉ જિલ્લા વિકાસ અધિકારી પંડ્યાએ નોટિસ પાઠવીને ત્રણ દિવસમાં આ અંગેનો જવાબ રજૂ કરવા કહ્યું હતું અને તેનો જવાબ પણ સરપંચ અશોકભાઈ માંગરોળીયાએ રજૂ કર્યો હતો પરંતુ પંચાયત ધારાની જુદી જુદી કલમો હેઠળ ગ્રામ પંચાયતની મુદત પૂરી થાય ત્યાં સુધી અથવા સંબંધિત કેસમાંથી દોષમુક્ત જાહેર ન થાય ત્યાં સુધી તેમને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે.

# જાફરાબાદ તાલુકાના ભાડા ગામે ૮૭ દાતાઓએ રક્તદાન કર્યું

જાફરાબાદ,તા.૧૫

જાફરાબાદ તાલુકાના ભાડા ગામે સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા રવિવારે પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડ ખાતે રક્તદાન શિબિર યોજાઇ હતી, જેમાં ૮૭ દાતાઓએ રક્તદાન કર્યું હતું. ફાઉન્ડેશન દ્વારા ભાડા બ્રાન્ચના તમામ સંતો, વેરાવળ ઝોનના સેવાદારોની ટીમ, વોલેન્ટીયર



તસવીર : બાબુભાઈ વાઢેળ

ભાઈ-બહેનો અને ઉનાથી દિવ્યજ્યોતી વોલન્ટરી બ્લડ બેંકના ડોક્ટરની ટીમના સહકારથી આ શિબિર યોજાઇ હતી. ફાઉન્ડેશન દ્વારા એપ્રિલ ૨૦૨૪ સુધીમાં ૧૩,૩૧,૯૦૬ યુનિટ રક્ત સંત નિરંકારી મિશનના સેવાદાર શ્રદ્ધાળુ સંતજનો દ્વારા માનવતાને સમર્પિત કરવામાં આવેલ છે.

આ સાથે આધ્યાત્મિક સત્સંગનું આયોજન થયું હતું, જેમાં સેકડો ધર્મ પ્રેમીઓ-સંતોએ હાજરી આપી હતી. મુંબઈના મહાત્મા કાન્હાજી ગડરીયાએ આશીર્વચન આપેલા. આ કાર્યક્રમમાં ગામના તમામ સમાજના આગેવાનો, અધિકારીઓ, યુવા સંગઠન અને સામાજિક સંસ્થાઓએ સહયોગ આપેલ હતો.

# ચલાલામાં મહિલાએ બોલાચાલી કરવાની ના પાડતાં મુંઢ ઈજા પહોંચાડી

**કુટુંબીજનોમાંથી થયેલી માથાકૂટ પોલીસ સુધી પહોંચી**

ચલાલા, તા.૧૫

ચલાલામાં રહેતી એક પરિણીતાએ બોલાચાલી કરવાની ના પાડતાં કુટુંબીજનોમાં થયેલી માથાકૂટ પોલીસ સ્ટેશન પહોંચી હતી. દયાબેન ગેલાભાઈ ગોહિલ (ઉ.વ.૪૫)એ ગીરીશભાઈ વાલજીભાઈ ગોહિલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરા સાથે આરોપી બોલાચાલી કરતા હતા.

જેથી તેમણે બોલાચાલી કરવાની ના પાડતાં આરોપીએ ઉશ્કેરાઈને ડાબા હાથના બાવડા પર લાકડા વડે માર માર્યો હતો. તેમના પતિ વચ્ચે પડતાં તેમને પણ ફટકારી મુંઢ ઈજા કરી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઘવભાઈ અરજણભાઈ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયામાં બીમારીથી કંટાળી મહિલાએ શરીરે કેરોસીન છાંટી આત્મહત્યા કરી

**ધારીમાં ઘર ચલાવવાની ચિંતામાં પુરૂષે દવા પીધી**

વડીયા, તા.૧૫

વડીયામાં રહેતી એક મહિલાને ડાયાબિટીસ હતો. તેમજ બંને કિડની ફેલ થઈ ગઈ હતી. જેથી કંટાળી શરીરે કેરોસીન છાંટી સળગી હતી. ગંભીર રીતે દાઝી જવાથી તેનું મૃત્યુ થયું હતું. બનાવ સંદર્ભે અરવિંદભાઈ બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની હંસાબેન અરવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૫૫)ને ઘણા સમયથી ડાયાબિટીસ તથા બંને કિડની ફેલ હોવાથી જિંદગીથી કંટાળી ગયા હતા. જેને લઈ શરીરે કેરોસીન છાંટી સળગતા દાઝી જવાથી મૃત્યુ થયા હતા. વડીયા પોલીસ સ્ટેશનના પ્રો એએસઆઈ આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. ધારીમાં રહેતા નયનાબેન ચંદુભાઈ સોલંકી (ઉ.વ.૪૨) એ જાહેર કર્યા મુજબ, તેમણે તેના પતિ ચંદુભાઈ વીરજીભાઈ સોલંકી (ઉ.વ.૩૨)ને ધંધો નહીં કરો તો ઘર કેમ ચાલશે તેમ કહેતા લાગી આવ્યું હતું. ઘઉંમાં નાખવાની ટીકડા પી જતાં મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ અકબરભાઈ જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયામાં પોલીસ દ્વારા કન્યા શાળામાં પતંગનું વિતરણ

લીલીયા,તા.૧૫

લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ. જે. ગીડાની ઉપસ્થિતિમાં ઉત્તરાયણના પર્વ નિમિત્તે ૧૩/૧/૨૦૨૫ના રોજ પે સેન્ટર કન્યા શાળાની વિદ્યાર્થિનીઓને વિવિધ સૂત્રો સાથેના પતંગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને પતંગ ચગાવવામાં ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા માટે પણ પી.આઈ દ્વારા



અપીલ કરવામાં આવી હતી. આ તકે વિદ્યાર્થિનીઓને પી. આઈ ગીડા દ્વારા સાયબર ક્રાઈમ અને ટોલ ફ્રી નંબર ૧૯૩૦ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી, તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબરાના કોટડાપીઠા ગામના વર-કન્યાને ખોટું સોગંદનામું કરાવવાનું ભારે પડ્યું

**સાવરકુંડલામાં ફરિયાદ નોંધાઈ**

સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલામાં રહેતા મૂળ સુરતના અને કરાર આધારિત ચીફ ઓફિસર તરીકે નોકરી કરતાં હસમુખરાય પ્રાગજીભાઈ બોરડ (ઉ.વ.૬૨)એ ખોટું સોગંદનામું કરી આપનારા વકીલ, બાબરાના કોટડાપીઠા ગામે રહેતા વર ચિરાગ કિશોરભાઈ પીઠવા તથા કન્યા જાનવી અરવિંદભાઈ લકુમ સામે ફરિયાદ નોંધાવી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એ.એન. ગાંગણા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ ત્રીજ
તા. ૧૬-૦૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૫,
સૂર્યાસ્ત-૦૫:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૧૬-૦૧-૨૦૨૫ ગુરૂવાર

- મેષ: આજે પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે.
- વૃષભ: આજે તમારે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. ઓફિસ હોય કે ઘર આજે તમને દરેક જગ્યાએ તમારા જીવનસાથીનો સહયોગ મળશે.
- મિથુન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.
- કર્ક: આજે જ્યાં રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નો સફળ થશે ત્યાં શાસન અને સત્તા સાથે જોડાણના ફાયદા પણ મળી શકે છે.
- સિંહ: આજે તમારા સ્વાસ્થ્ય અને આનંદમાં અડચણ આવી શકે છે. દિવસના બીજા ભાગમાં કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક સફર પર જવું પડી શકે છે.
- કન્યા: આજે કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ જવા અથવા ચોરી થવાનો ભય રહેશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થઈ શકે છે.
- તુલા: આજે તમે સંતાન સંબંધિત બાબતોથી ચિંતિત રહી શકો છો. જે લોકોના પારિવારિક જીવનમાં તણાવ ચાલી રહ્યો છે તેમાં આજે ઘટાડો થશે.
- વૃશ્ચિક: આજીવિકાના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઈ શકે છે. આ સિવાય આજે પ્રતિષ્ઠામાં વધારો થવાના સંકેત છે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.
- ધન: આજે આવકના નવા સ્ત્રોત મળશે. નમ્ર વાણીથી આદર મળશે. શિક્ષણ-સ્પર્ધામાં વિશેષ સફળતા પ્રાપ્ત થશે. આજે આખો દિવસ કાર્યસ્થળમાં વ્યસ્ત રહેશે.
- મકર: આજે તમે કેટલીક આંતરિક સમસ્યાઓથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં તમારા માટે તે સારું રહેશે કે તમે વિલંબ કર્યા વિના ડોક્ટરને મળો.
- કુંભ: આજે રોજગાર-ધંધાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે.
- મીન: આજે તમારી આજુબાજુ સુખદ વાતાવરણ રહેશે.પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. હાથમાં પૂરતા પ્રમાણમાં પૈસા હોવાનો આનંદ મળશે.

# સાવરકુંડલાના જાબાળ ગામે કિસાન સભા યોજાઈ

**ખેડૂતોના જુદા જુદા પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા થઇ**

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામે તા. ૧૩-૦૧-૨૦૨૫ના રોજ ઓલ ઈન્ડિયા કિસાન ખેતમજદુર સંગઠન દ્વારા વિશાળ કિસાન સભા યોજાઇ હતી. જેમાં હરિયાણાથી ઓલ ઈન્ડિયા કિસાન ખેત મજદૂર સંગઠનના



પ્રમુખ સત્યવાનજી ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગુજરાતના સંગઠનના સંયોજક કનુભાઈ ખડદીયાની ઉપસ્થિતિમાં ખેડૂતો દ્વારા દેશભરમાં ખેડૂતોને થતા અન્યાય અને ખેડૂતોને સ્પર્શતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલ. આ ઉપરાંત સ્થાનિક મુખ્ય પ્રશ્ન ઈકો ઝોન હટાવો અને ખેડૂતોની વિવિધ સમસ્યાઓની વિસ્તૃત પ્રમાણમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે સત્યવાનજીએ આ તમામ પ્રશ્નોની ભારત સરકારમાં રજૂઆત કરી નિરાકરણ લાવવાની ખાત્રી આપેલ. કનુભાઈ ખડદીયાએ ખેડૂતોને આ સંગઠન મજબૂત કરવા આહ્‌વાન કરેલ. આ કિસાન સભામાં સાવરકુંડલા તાલુકાના અનેક ગામડાઓના ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહેલ.

# અમરેલીના નાના માચીયાળા ગામે મનદુઃખમાં ડેલામાં ફોરવ્હીલ ભટકાવી

અમરેલી, તા.૧૫

અમરેલીના નાના માચીયાળા ગામે મનદુ:ખમાં ડેલામાં ફોરવ્હીલ ભટકાવવામાં આવી હતી. બનાવ અંગે રીટાબેન બટુકભાઈ ભાદાણી (ઉ.વ.૩૧)એ નઝુભાઈ માણસુરભાઈ આલાણી તથા અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને આરોપી સાથે અગાઉ ખુલ્લા પ્લોટમાં ખાતર નાખવા મુદ્દે ફરિયાદ થઈ હતી. જેના મનદુ:ખમાં આરોપીએ તેના ડેલામાં ફોરવ્હીલ ભટકાવી હતી, જેથી રૂપિયા ૫૦૦૦નું નુકસાન થયું હતું.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી નં.૫૪/૨૦૨૪

**પ્રતિ,**
સુરસિંહભાઈ ગોવિંદભાઈ રાઠોડ
રે.મોરવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**
વકીલશ્રી, એન.કે.મોરી તથા વી.વી.રાવલ રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મોરવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના મોરવડ ગામના રહીશ શ્રી સુરસિંહભાઈ ગોવિંદભાઈ રાઠોડના પિતાશ્રી ગોવિંદભાઈ ભગવાનભાઈ રાઠોડ નું મરણ તારીખ: ૨૪/૧૨/૨૦૨૧ ના રોજ મોરવડ ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના મોરવડ ગામના સને.૨૦૨૧ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૧/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૭૭/૨૦૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. પ્રકાશભાઈ નનાભાઈ ચુડાસમા
રહે. બાઢડા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્ર **રોહીત પ્રકાશભાઇ ચુડાસમાનો જન્મ તા.૧૪/૦૧/૨૦૧૨** ના રોજ મુ. બાઢડા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૪/૨૦૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- .. ૧. ચતુરભાઈ મધુભાઈ હિરપરા
રહે. જાંબુડા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી જાંબુડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **ચતુરભાઇ મધુભાઇ હિરપરાનો જન્મ તા.૧૦/૦૬/૧૯૭૯** ના રોજ મુ. જાંબુડા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**તંત્રી લેખ**

# મહાકુંભ મેળામાં એન્ટી ડ્રોન સિસ્ટમ એક્ટિવ

એક કરોડ કરતા વધુ ભાવિકો સ્નાન કરી રહયા હતા એવા સમયે આ માનવ મેદની ઉપરના આકાશમાં નવ જેટલા ડ્રોન ઉડવા લાગતા ભારે સનસનાટી મચી જવા પામી હતી. આ સમયે તત્કાળ આ ગેરકાનૂની રીતે ઉડતા ડ્રોનને નિષ્ક્રિય કરી નાખવામાં આવ્યા હતા. આ ડ્રોન જેવા રેડ ઝોનમાં પ્રવેશ્યા કે તરત જ એન્ટી ડ્રોન સિસ્ટમ એક્ટિવેટ થઈ ગઈ અને ડ્રોનને એરેસ્ટ કરી લેવાયા હતા.

પ્રયાગરાજ મહાકુંભ મેળામાં હવાઈ સુરક્ષા માટે યુપી પોલીસે અભૂતપૂર્વ તૈયારીઓ કરી છે. સમગ્ર મેળા વિસ્તાર પર ડ્રોનની મદદથી નજર રાખવામાં આવી રહી છે. મકરસંક્રાંતિના પહેલા અમૃત સ્નાન પર, મેળા વિસ્તારમાં ૬ ગેરકાયદેસર ડ્રોન પ્રવેશ્યા હતા જેને નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા.

લખનૌ ઉત્તર પ્રદેશ પોલીસ પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫માં સુરક્ષાનું એક નવું પરિમાણ રજૂ કરી રહી છે. ઉત્તર પ્રદેશ પોલીસે મહાકુંભ દરમિયાન હવાઈ દેખરેખ દ્વારા સુરક્ષાને એક નવું પરિમાણ આપ્યું છે. માહિતી આપતાં ડીજીપી પ્રશાંત કુમારે જણાવ્યું હતું કે ડ્રોનની મદદથી મહાકુંભ મેળામાં સુરક્ષાનો એક નવો યુગ શરૂ થયો છે. તેમણે કહ્યું કે મકરસંક્રાંતિના દિવસે, ઉત્તર પ્રદેશ પોલીસે ડ્રોન કેમેરા દ્વારા પ્રથમ અમૃત સ્નાન પર નજર રાખી હતી.

યુપી પોલીસના સુરક્ષા વિભાગે મહાકુંભમાં ચાર ટેથર્ડ ડ્રોન તૈનાત કર્યા છે. ટ્રાફિક વ્યવસ્થાપન પર નજર રાખવા માટે ટ્રાફિક ડિરેક્ટોરેટ દ્વારા ચાર ટેથર્ડ ડ્રોન તૈનાત કરવામાં આવ્યા છે. યુપી એટીએસ દ્વારા ખતરાઓ શોધવા માટે ત્રણ હાઈ-ટેક ડ્રોન તૈનાત કરવામાં આવ્યા છે. કેબલ દ્વારા જોડાયેલા ટેથર્ડ ડ્રોન ૧૨ કલાક સુધી સતત દેખરેખ રાખી શકે છે. ટેથર્ડ ડ્રોન ૧૨૦ મીટરની ઊંચાઈએ ઉડી શકે છે અને ૩ કિલોમીટરની ત્રિજ્યાને આવરી શકે છે. હાઈ-ટેક થર્મલ અને IR કેમેરાથી સજ્જ, આ ડ્રોન દિવસ અને રાત્રિ બંને સમયે લાઈવ ફૂટેજ પ્રદાન કરી રહ્યા છે. થર્મલ ઈમેજિંગ અને લાઈવ વીડિયો ફીડ દ્વારા ડ્રોનમાંથી ભીડની ગીચતા વિશેની માહિતી મેળવવામાં આવી રહી છે. ડ્રોન ટ્રાફિક વ્યવસ્થાપન અને ભીડ નિયંત્રણમાં પણ મદદ કરી રહ્યા છે.

મંગળવારે, પ્રયાગરાજ મહાકુંભમાં, મકરસંક્રાંતિના તહેવાર નિમિત્તે, બધા સંતોએ 'અમૃત સ્નાન' લીધું અને અભૂતપૂર્વ વ્યવસ્થા માટે સરકારની પ્રશંસા કરી. એક સત્તાવાર નિવેદન અનુસાર, ૧૪૪ વર્ષ પછી બનેલા આ શુભ સંયોગમાં બધા સંતોએ સ્નાન કર્યું અને સ્વચ્છ, સલામત, દિવ્ય અને ભવ્ય મહાકુંભના આયોજનની પ્રશંસા કરી. એવું કહેવાય છે કે સંતો અને ઋષિમુનિઓએ પણ આટલી મોટી ભીડને નિયંત્રિત કરવા માટે કરવામાં આવેલી અદ્ભુત વ્યવસ્થા માટે સરકારનો આભાર માન્યો હતો.

જગદગુરુ સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું, 'મહાકુંભ માટે સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓ નોંધપાત્ર છે. આટલી મોટી ભીડ હોવા છતાં, કાર્યક્રમના સુવ્યવસ્થિત સંચાલનથી હું ખૂબ જ ખુશ છું. આ પ્રયાસ માટે સરકાર પ્રશંસાને પાત્ર છે. આ મહાકુંભની સુરક્ષા વ્યવસ્થા કલ્પના બહારની છે. જળ, જમીન અને આકાશી સુરક્ષાનો આ એક નવો અધ્યાય છે.

# વિશ્વનાં સૌથી મોટા મહાકુંભનો ભવ્ય પ્રારંભ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મકરસંક્રાંતિના દિવસે સવારે મહાકુંભનું પ્રથમ સ્નાન, શ્રદ્ધા અને ઉત્સાહથી ભરપૂર અગણિત લોકોએ કર્યું હતું. રાત્રે ૯.૩૦ વાગ્યા સુધીમાં, ૬૦ લાખ લોકોએ સ્નાન કર્યું. સંગમ ઘાટ પર ભારત અને વિદેશથી આવેલા ભક્તોનો સાગર જોવા મળ્યો હતો. વહેલી સવારે, દક્ષિણ કોરિયાના યુટ્યુબર્સના એક જૂથે મહાકુંભના ફોટા તેમના કેમેરામાં કેદ કર્યા હતા, જ્યારે જાપાનના પ્રવાસીઓ મહાકુંભમાં ભારે ભીડ જોઈને સ્થાનિક માર્ગદર્શકો પાસેથી માહિતી લેતા જોવા મળ્યા હતા.

મહાકુંભ-૨૦૨૫ના પ્રથમ સ્નાન માટે સંગમ કિનારે અજોડ શ્રદ્ધા, અપાર ભક્તિ, આનંદ અને લાગણીઓની લહેર ઉભરાઈ છે. આ સ્નાન ફક્ત દેશ અને રાજ્યના જ નહીં પણ વિદેશના લાખો ભક્તો માટે પૂજા, પ્રાર્થના અને મુક્તિનો માર્ગ બની ગયું છે. તે એકતાનું માધ્યમ પણ બની ગયું છે, જેની તુલના અન્ય કોઈ ઘટના સાથે કરી શકાતી નથી. પહેલા જ દિવસે, માનવતાના આ અમૂર્ત સાંસ્કૃતિક વારસાના સાક્ષી બનવાની, પોતાના જન્મના ગુણોને સાકાર કરવાની અને માનવ સભ્યતાના આ સૌથી મોટા અનોખા ક્ષણના સાક્ષી બનવાની સ્પર્ધા તમામ કાયમી અને અસ્થાયી ઘાટો પર જોવા મળે છે, જેમાં પવિત્ર સ્થળ પ્રયાગરાજનું સંગમ. સનાતન ધર્મનું એપી સેન્ટર બની ગયું છે.

અહીં, ભાવુક ભક્તો ભીની આંખો સાથે આ ખુશીની ક્ષણનો અનુભવ કરતા, તેમની પૂજા પદ્ધતિ દ્વારા ભક્તિમાં ડૂબી જવાની સાથે એકતાના સંગમમાં ડૂબી જતા જોવા મળે છે. પોષ પૂર્ણિમાના દિવસે સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં, ૬૦ લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગંગા, યમુના અને સંગમમાં ડૂબકી લગાવી હતી. પોષ પૂર્ણિમાના દિવસે સંગમમાં સ્નાન કર્યા પછી, કલ્પવાસીઓ મહાકુંભ દરમિયાન




કલ્પવાસના કડક નિયમોનું પાલન કરે છે અને સમગ્ર વિશ્વના પુણ્ય, મુક્તિ, મુક્તિ અને કલ્યાણની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરે છે. કલ્પવાસીઓ પોતાના અને પોતાના પરિવારના સભ્યોના કલ્યાણની સાથે, સમગ્ર વિશ્વના કલ્યાણ માટે પણ પ્રાર્થના કરે છે.

સોમવારે મહાકુંભની શરૂઆત સાથે મહાદેવની પૂજા કરવાનો ખાસ સંયોગ છે. આ ક્ષણને વધુ દુર્લભ બનાવી દે છે. મહાકુંભ મેળા વિસ્તારના તમામ ઘાટ પર, ભક્તો મહાદેવની પૂજામાં પવિત્ર પાણીમાં ડૂબકી લગાવીને પ્રતિજ્ઞા લેતા જોવા મળે છે. સંગમ સહિત તમામ ઘાટ દિવસભર હર હર મહાદેવ, જય શ્રી રામ અને જય બજરંગ બલી જેવા નારાઓથી ગુંજી રહ્યા છે. તે જ સમયે, સ્નાનને લઈને સામાન્ય ઘરના ભક્તોમાં ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પહેલા જ દિવસે, પ્રયાગરાજ અને તેની આસપાસના વિસ્તારોમાંથી બિહાર, હરિયાણા, બંગાળ, ઓડિશા, દિલ્હી, ઉત્તરાખંડ, પંજાબ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાંથી પવિત્ર શહેર પ્રયાગરાજના વિવિધ ઘાટો પર મોટી ભીડ જોવા મળી હતી.


સંગમ ઘાટ પર દેશ અને વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો જોવા મળે છે. દક્ષિણ કોરિયાની યુટ્યુબર ટીમ પોતાના કેમેરા વડે મહાકુંભના વિવિધ ફોટા કેદ કરતા જોવા મળ્યા, જ્યારે જાપાનના પ્રવાસીઓ મહાકુંભમાં ભારે ભીડ જોઈને સ્થાનિક ગાઈડ્સ પાસેથી માહિતી લેતા જોવા મળ્યા હતા. સોમવારે વહેલી સવારે રશિયા-અમેરિકા સહિત યુરોપના વિવિધ દેશોના સનાતની ભક્તોએ પણ શ્રદ્ધા અને એકતાના આ મહાન તહેવારના સાક્ષી બન્યા અને પવિત્ર સ્નાન કર્યું. સ્પેનથી આવેલી ક્રિસ્ટીના પણ તેમાંથી એક હતી, જેણે મહાકુંભની ભવ્યતા જોયા પછી, આ અદ્ભુત ક્ષણની હૃદયપૂર્વક પ્રશંસા કરી. ઉલ્લેખનીય છે કે આ વખતે મહાકુંભમાં જેટલી ભીડ એકઠી થવાનો અંદાજ છે તે વિશ્વના ઘણા દેશોની કુલ વસ્તી કરતા પણ વધુ છે.

આવી સ્થિતિમાં, શ્રદ્ધા અને એકતાના આ મહાન ઉત્સવને જોવા માટે ફક્ત વિદેશીઓ તેમની ઉત્સુકતાથી આકર્ષિત નથી થઈ રહ્યા, પરંતુ સનાતન ધર્મ અપનાવનારા અને સનાતન શ્રદ્ધા અપનાવનારા ઋષિ-મુનિઓ પણ પવિત્ર સ્નાન કરીને પોતાને આશીર્વાદ આપી રહ્યા છે. સંગમ મેળા વિસ્તાર અને લાટ હનુમાન મંદિરની નજીક આવેલા મહાકુંભ નગરમાં, ઘાટ પર પૂજા સામગ્રી વેચનારા અને ભક્તોને તિલક લગાવનારાઓ ખૂબ જ વ્યસ્ત જોવા મળે છે. પ્રસાદ, ચુનરી, દીપદાનની સામગ્રી વેચતા છૂટક દુકાનદારો અને ભક્તોની ઈચ્છા મુજબ તિલક લગાવતા લોકો માને છે કે આ વર્ષનો મહાકુંભ ૨૦૧૯ ના કુંભ મેળાની તુલનામાં માત્ર દિવ્ય અને ભવ્ય નથી, પરંતુ ભીડ પણ અનેક ગણી વધુ છે. આના કારણે તેમની આવક પણ નોંધપાત્ર રહેશે. તિલક લગાવવાનું કામ કરી રહેલા પ્રદીપ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, તેઓ ૨૦૧૯ માં કુંભ દરમિયાન પણ આ કામ કરી રહ્યા હતા, પરંતુ આ વખતે લોકોમાં પહેલા કરતા વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેવી જ રીતે, સંતોષી દેવી, જે ફૂલપુરથી આવી છે અને સંગમ વિસ્તારમાં પૂજાની છૂટક દુકાન ચલાવે છે, તેમણે જણાવ્યું કે લોકો તેમની પાસેથી ગંગા જળ સંગ્રહ કરવા માટે સૌથી વધુ બોક્સ ખરીદી રહ્યા છે.

પ્રયાગરાજ અને હરિદ્વાર કુંભમાં શું તફાવત છે?. નોંધનીય છે કે, પ્રયાગરાજમાં આયોજિત કુંભ મેળો મહાકુંભ છે. દર ૧૨ વર્ષે તેનું આયોજન કરવામાં આવે છે. તમને જણાવી દઈએ કે છેલ્લી વખત ૨૦૧૩માં પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ હવે ૨૦૨૫માં પ્રયાગરાજમાં ફરી કુંભ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

હવે સવાલ એ છે કે શું કુંભ મેળાનું આયોજન માત્ર પ્રયાગરાજમાં જ થાય છે. જવાબ ના છે. પ્રયાગરાજ ઉપરાંત હરિદ્વાર, નાસિક અને ઉજ્જૈનમાં પણ કુંભ મેળાનું આયોજન કરવામાં આવે છે. નોંધનીય છે કે, આ મેળો ૧૨ વર્ષના અંતરાલથી ઉજવવામાં આવે છે, આ માટે એક પછી એક ચાર સ્થળો પસંદ કરવામાં આવે છે. આ દરમિયાન ભક્તો ગંગા, ક્ષિપ્રા, ગોદાવરી અને સંગમમાં સ્નાન કરે છે. જ્યારે અર્ધ કુંભ દર છ વર્ષ પછી ઉજવવામાં આવે છે. તમને જણાવી દઈએ કે અર્ધ કુંભનું આયોજન માત્ર બે જ જગ્યાએ કરવામાં આવે છે, જેમાં પહેલું પ્રયાગરાજ અને બીજું હરિદ્વાર છે. દર છ વર્ષે તેનું આયોજન કરવામાં આવે છે. હવે તમારા મનમાં પ્રશ્ન આવી રહ્યો હશે કે કુંભ મેળો ક્યાં યોજાશે તેની પસંદગી કોણ કરે છે. તમને જણાવી દઈએ કે આ નિર્ણય જ્યોતિષીય ગણતરીના આધારે લેવામાં આવ્યો છે. આ માટે હિન્દુ જ્યોતિષશાસ્ત્રના મુખ્ય ગ્રહો છે - ગુરુ અને સૂર્ય. હરિદ્વારમાં કુંભ મેળો ત્યારે યોજાય છે જ્યારે ગુરૂ કુંભ રાશિમાં હોય તો સૂર્ય મેષ રાશિમાં ગોચર કરતો હોય.

## શબ્દ સંજોગ-૧૯૩૩



**આડી ચાવી :**
(૧) જયારે (૨)
(૩) પ્રેમ સહિત (૩)
(૫) કવચિત (૨)
(૬) પ્રિયતમ (૩)
(૮) કવિતા, કાવ્ય (૩)
(૧૧) વાયુનું આવરણ (૫)
(૧૪) ખીલી (૨)
(૧૬) જાડું પાથરણું (૩)
(૧૮) ભાંગી જાય તેવુ (૩)
(૨૦) ખૂબ ઉંઘ આવવી તે (૩)
(૨૧) રસ વગરનું (૩)
(૨૩) સાથે (૨)
(૨૫) વખાણવા લાયક (૫)
(૨૯) લાડુ, લાડવા (૩)
(૩૦) કોઈની કહેલી વાતને રદ કરે તેવો જવાબ (૩)
(૩૨) ધ્યાન (૨)
(૩૩) શિરસ્તો (૩)
(૩૪) ખીચોખીચ (૨)

**ઉભી ચાવી :**
(૨) નોકર, સેવક (૨)
(૩) સરખાપણુ (૩)
(૪) એક રાશિ (૩)
(૫) સોળે સાન અને વીસે.... (૨)
(૭) ...નિશાળિયા નવા દા'ડા (૨)
(૯) કાફલો (૪)
(૧૦) ...તે સૌને ગમે (૨)
(૧૨) બદલે (૨)
(૧૩) ડાબું (૨)
(૧૫) સમાચાર, સંદેશો (૩)
(૧૭) દાગીનો (૩)
(૧૯) રસ પડે તેવુ (૪)
(૨૧) પાણી (૨)
(૨૨) ફાયર (૨)
(૨૪) જીદ (૨)
(૨૬) એક દેવતા (૩)
(૨૭) વહાણને પાણીમાં સમતોલ રાખતુ વજન (૩)
(૨૮) જો (૨)
(૨૯) મુક્તિ (૨)
(૩૧) યોગ-સાધના કરનાર (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૨ જવાબ

**આડી ચાવી:** (૧) યમુના (૩) નતીજો (૬) મજા (૭) વેફર (૮) દેના (૯) રાવટી (૧૦) ફરાર (૧૧) જર (૧૨) બતક (૧૪) વદી (૧૫) સૂતર (૧૭) સકળ (૧૮) સૂરજ (૨૦) પર (૨૧) શીબા (૨૨) ટગમગ (૨૪) મહાત (૨૬) થીર (૨૭) મળસ્કે. **ઉભી ચાવી:** (૧) યમરાજ (૨) મુજાવર (૩) નફરત (૪) તીર (૫) દિનાર (૮) દેરાસર (૧૨) બદી (૧૩) કસૂર (૧૪) વળ (૧૬) તજ (૧૭) સચોટ (૧૯) કયુબા (૨૦) પગથી (૨૧) શીતળ (૨૩) ગજું (૨૫) હામ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૭૦ | ૧૫૩૦ |
| ઘઉં લોકવન | ૬૦૧ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૬૦૩ | ૬૫૫ |
| જુવાર સફેદ | ૮૦૧ | ૮૬૯ |
| જુવાર પીળી | ૪૧૧ | ૫૪૫ |
| બાજરી | ૪૮૩ | ૫૮૮ |
| તુવેર | ૧૩૫૦ | ૧૭૨૫ |
| ચણા પીળા | ૧૦૨૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૨૩૨૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૩૪ |
| મગ | ૧૫૨૦ | ૧૮૫૪ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચોળી | ૧૩૦૦ | ૨૬૮૫ |
| મઠ | ૯૦૦ | ૧૨૨૫ |
| કળથી | ૮૦૦ | ૯૨૫ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૧૫૬ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૬૦ |
| તલી | ૧૮૦૦ | ૨૩૦૫ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૩૪ |
| અજમો | ૧૨૫૧ | ૧૭૦૦ |
| સોયાબીન | ૭૯૫ | ૮૩૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૫૭૫ |
| લસણ | ૧૪૦૧ | ૩૦૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૮૧ |
| મરચા સુકા | ૧૪૦૦ | ૨૪૦૫ |
| ધાણી | ૧૧૬૮ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૩૧૫ | ૧૫૬૫ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૨૮૬ |
| રાય | ૯૮૦ | ૧૧૯૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૪૭ |
| રાયડો | ૯૧૦ | ૧૧૦૮ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૫૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૭૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૫૦ | ૩૫૦ |
| મુળા | ૨૦૦ | ૩૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૨૦ | ૨૧૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૫૦ |
| કારેલા | ૫૦૦ | ૯૦૦ |
| સરગવો | ૭૦૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૭૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૫૦ |
| બીટ | ૧૫૦ | ૩૫૦ |
| મેથી | ૧૦૦ | ૨૨૦ |
| વાલ | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૫૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૪૫૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| શિંગ મઠડી | ૮૭૦ | ૧૧૧૦ |
| ગિરનારી શીંગ | ૧૧૬૬ | ૧૧૬૬ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૯૭ |
| શિંગદાણા ફાડા | ૮૩૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૯૫ | ૨૪૦૦ |
| તલ કાળા | ૪૩૦૦ | ૪૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૭૯ | ૬૭૨ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૫ |
| અડદ | ૧૦૬૫ | ૧૫૦૦ |
| ચણા | ૯૮૬ | ૧૨૦૫ |
| તુવેર | ૧૧૩૧ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૩૭૦ | ૪૨૫૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૩૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૩ |
| મરચાલાંબા | ૪૫૦ | ૩૩૭૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૦૩ |
| તલ કાશ્મીરી | ૨૮૦૦ | ૨૮૪૫ |
| વાલ | ૧૪૦૬ | ૧૪૦૬ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૫૦૦ |
| રીંગણાં | ૪૦૦ | ૮૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૨૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૨૧૦ | ૨૬૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ગાજર | ૪૨૦ | ૬૦૦ |
| દૂધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૮૦ |
| ગલકા | ૩૦૦ | ૫૨૦ |
| મુળા | ૧૮૦ | ૨૫૦ |
| કાકડી | ૩૦૦ | ૬૪૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૮૦ |
| વટાણા | ૭૨૦ | ૮૨૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૪૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૨૦ |
| તુવેર | ૫૦૦ | ૬૭૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૭૫૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૪૦૦ |
| ફુદીનો | ૫૧૦ | ૬૩૦ |
| ટીંડોરા | ૪૪૦ | ૫૪૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૩૦ | ૩૬૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચા લાલ | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૪૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૪૦૦૦ | ૫૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૫૦ | ૯૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૬૦૮ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૬૨૦ | ૭૦૧ |
| મગફળી જીણી | ૭૦૧ | ૧૧૨૬ |
| સિંગ ફાડીયા | ૮૧૧ | ૧૨૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૬૬ |
| જીરૂ | ૩૭૨૬ | ૪૩૯૧ |
| વરીયાળી | ૧૩૮૧ | ૧૩૮૧ |
| ધાણા | ૮૦૧ | ૧૫૮૧ |
| લસણ સુકું | ૧૨૦૧ | ૨૯૩૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૪૪૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| તુવેર | ૧૦૮૧ | ૧૭૬૧ |
| મેથી | ૮૪૧ | ૧૧૭૧ |
| કાંગ | ૭૭૧ | ૧૧૫૧ |
| મરચા | ૫૦૧ | ૩૧૦૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૪૧ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૨૨૦૦ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૬૩૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૨૧ |
| જુવાર | ૪૬૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૮૧ | ૪૮૧ |
| મગ | ૧૩૫૧ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૦૧ |
| વાલ | ૩૭૧ | ૧૫૬૧ |
| ચોળા / ચોળી | ૫૯૧ | ૨૦૯૧ |
| સોયાબીન | ૬૧૧ | ૮૩૧ |
| કળથી | ૭૬૧ | ૭૬૧ |
| ગોગળી | ૮૩૧ | ૯૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૨૫૦૦ |
| કોબી | ૨૦ | ૧૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૬૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૩૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૫૦૦ | ૯૦૦ |
| વટાણા | ૫૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૯૦૦ |
| બટેટા | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૬ | ૧૦ |
| કોથમીર પુરા | ૧૦ | ૧૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૬ | ૧૦ |
| કાચા કેળા | ૪૫૦ | ૬૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| બીટ પુરા | ૨૦ | ૨૭ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૯૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૭૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૮ | ૧૨ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૫૦ |
| કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| મગફળી જીરં૦ | ૧૦૭૮ | ૧૧૪૨ |
| મગફળી બીટી | ૯૫૨ | ૧૦૭૮ |
| ઘઉં | ૫૪૮ | ૬૧૨ |
| તલસફેદ | ૧૯૭૦ | ૨૦૬૦ |
| જીરૂ | ૩૯૭૦ | ૪૨૩૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૧૬ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૦૫ |
| ઘઉં ટુકડા | ૫૮૪ | ૬૩૦ |
| સોયાબીન | ૫૫૫ | ૮૦૪ |
| મગફળી | ૬૬૩ | ૮૭૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૯૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૬૦ |
| ધાણા | ૧૨૨૦ | ૧૪૬૫ |
| શીંગદાણા | ૯૩૫ | ૧૦૫૫ |
| બાજરો | ૬૦૪ | ૬૦૪ |
| તલકાળા | ૩૫૩૦ | ૩૫૩૦ |
| ચોળી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૧ | ૧૪૫૧ |
| મગફળી | ૭૫૬ | ૧૧૦૦ |
| ઘઉં લોકવન | ૬૦૬ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૬૨૬ | ૬૨૬ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલ કાળા | ૧૯૦૦ | ૪૨૮૦ |
| સોયાબીન | ૬૨૬ | ૭૨૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૪૭૦ |
| મગફળી | ૧૦૫૧ | ૧૦૯૧ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૦૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૧ |
| અડદ | ૯૫૧ | ૯૫૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૧ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૨૧ | ૮૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૭૯ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૩૨૫ | ૨૪૨૬ |
| કપાસ | ૧૩૮૦ | ૧૫૧૦ |
| બાજરા | ૫૫૧ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૭૦૭ |
| જુવાર | ૮૩૧ | ૮૫૧ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૨૫ |
| ચણા | ૯૯૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૭૫૦ | ૭૮૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૬૫ | ૧૦૭૬ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૪૩ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૨૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૪૦૦ |
| ઘઉ લોકવન | ૬૦૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૬૩૦ | ૬૬૨ |
| ચણા | ૧૧૭૪ | --- |
| તુવેર | ૧૫૭૧ | ૧૬૦૫ |
| એંરડી | ૧૧૮૯ | ૧૨૧૬ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૨૫ | ૧૫૦૩ |
| મગફળી | ૭૩૦ | ૭૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરં૦ | ૧૦૨૫ | ૧૧૨૪ |
| મગફળી ૩૨નં. | ૯૫૪ | ૧૦૭૪ |
| બાજરી હા. | ૫૦૦ | ૬૩૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૬૨ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૬૫ |
| જુવાર | ૬૦૦ | ૮૫૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૪ |
| જા.તલ | ૨૩૦૦ | ૨૬૯૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૬૫ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૮ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૯૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સ્ટાર્ટઅપ્સ રેન્કિંગમાં ગુજરાતનો ડંકો, ફરી બન્યું નંબર-૧, એવોર્ડ એનાયત

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૫

દેશમાં વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે "સ્ટાર્ટઅપ ઈન્ડિયા"ની પહેલ કરી હતી. પ્રતિભાશાળી કાર્યબળ, ઉદ્યોગસાહસિક, નવીનતાની ભાવના સાથેના ડિજિટલ પરિવર્તને ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવી છે. સ્ટાર્ટઅપ એ તકનીકી પ્રગતિ, રોજગાર સર્જન અને આર્થિક સશક્તિકરણ થકી આત્મનિર્ભરતા હાંસલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. દેશમાં તા. ૮ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ-ડીપીઆઈઆઈટી દ્વારા ૧.૫૦ લાખથી વધારે સ્ટાર્ટઅપ્સને માન્યતા આપવામાં આવી છે, જેમાં ગુજરાતમાં ૧૨,૭૭૯ જેટલા સ્ટાર્ટઅપ્સ નોંધાયા છે. ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ૩૩ ગણા વધારા સાથે સ્ટાર્ટઅપ્સની સંખ્યા ૪,૨૦૦થી વધીને ૧,૫૪,૭૧૯ જેટલી થઈ છે. આ ઉપરાંત ભારત કુલ ૧૧૮ યુનિકોર્ન થકી સ્ટાર્ટઅપનું હબ બન્યું છે. વધુમાં સ્ટાર્ટઅપ માટેનું ભંડોળ રૂ. ૪૫૦ બિલિયન ડોલરથી વધુનું થયું છે તથા સહાયક સ્ટાર્ટઅપ નીતિઓ ધરાવતા રાજ્યોની કુલ સંખ્યા ૩૧ જેટલી થઈ છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ગુજરાતના ૧૨,૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સને માન્યતા મળી હતી.

# ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી વૃદ્ધ સહિત ૬ લોકોનો ભોગ લેવાયો

અમદાવાદ, તા.૧૫

દ્વારકાના ભાણવડમાં ૮૦ વર્ષીય વૃદ્ધ પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ટુ-વ્હીલ પર જઈ રહેલા વૃદ્ધનું પતંગની દોરીથી ગળું કપાતા ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલ ખસેડાયા છે. પતંગબાજીના કારણે ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અનેક લોકોના ગળા કપાઈ જતાં સારવાર માટે અન્ય સ્થળે લઈ જવા પડ્યા હતા. વિવિધ શહેરોમાંથી ઈમરજન્સી ફરિયાદો મળતાં સવારથી ૧૦૮ એમ્બ્યુલન્સ દોડાવવામાં આવી હતી. સાંજે ૬ વાગ્યા સુધી રાજ્યમાં ૧૦૮ને ૩૭૦૭ ઈમરજન્સી કોલ આવ્યા હતા. ઉત્તરાયણમાં ગઈકાલે ૪૨૫૬ કેસો નોંધાયા હતા. અમદાવાદમાં ૩૯, વડોદરામાં ૨૪, રાજકોટમાં ૧૫ કેસો નોંધાયા હતા. કરુણા અભિયાનમાં પણ પશુ-પક્ષીઓને બચાવાયા હતા. ૭૫૮ પશુઓ અને ૬૪૪ પક્ષીઓને સારવાર આપવામાં આવી હતી. કોઈનો શોખ કોઈના માટે જોખમ બન્યું હતું. રાજ્યમાં મકરસંક્રાંતિની ઉજવણી વચ્ચે પતંગ ચગાવવાને કારણે ચાર લોકોએ જીવ ગુમાવ્યા છે. રાજકોટમાં પતંગની દોરીથી બાઈક સવારનું મોત થયું હતું. બીજા બનાવમાં સુરેન્દ્રનગરના પાટડીના ઓડુ ગામના ઈશ્વરભાઈ ઠાકોરનું પણ પતંગની દોરીથી મોત થયું હતું. ત્રીજા બનાવમાં હાલોલના રહતલાવ ગામના ૫ વર્ષીય કુણાલનું પતંગની દોરીથી ગળું દબાવવાથી મોત થયું હતું. પરેશભાઈ તેમના પુત્ર કૃણાલ સાથે ટુ-વ્હીલ પર પેનોરમા ચોકડી પાસે ફુગ્ગા ખરીદવા જઈ રહ્યા હતા. દરમિયાન અચાનક પતંગની દોરી તેની સામે આવી હતી જે સાથે બેઠેલા કૃણાલના ગળામાં ફસાઈ ગઈ હતી. દોરીના ઘર્ષણને કારણે બાળકનું ગળું ખરાબ રીતે કપાયું હતું.

# કોડીનાર-અંબાજી બસ સેવા રૂટમાં ફેરફાર સાથે ફરી શરૂ કરવા માગણી

કોડીનાર, તા.૧૫

કોડીનાર ખાતે એસટી ડેપો બન્યો ત્યારથી કોડીનાર-અંબાજી વાયા રાજકોટ, સુરેન્દ્રનગર, મહેસાણા બસ શરૂ કરવાની માગણી થઈ રહી છે. આ રૂટમાં એક સાથે પ્રાચી સોમનાથ, જૂનાગઢ, વીરપુર, ચોટીલા, બહુચરાજી, ઊંઝા, ઊનાવા અને અંબાજી જેવા નવ યાત્રાધામોને જોડતી તથા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને ટુંકા માર્ગે જોડતી આ બસ સેવા શરૂ કરવામાં તંત્રએ રસ દાખવ્યો નહોતો. આ અંગે સતત રજૂઆત થતાં આખરે કોડીનાર-અંબાજી બસ શરૂ કરવામાં આવી, પરંતુ તેનો રૂટ વાયા અમરેલી ધંધુકાથી રાખવામાં આવ્યો હતો. આ બસ સ્ટાફની અછતના બહાના હેઠળ ૨૦ વર્ષ પહેલાં બંધ કરવામાં આવી છે. જ્યારે પણ આ અંગે રજૂઆત કરી છે ત્યારે કોડીનાર ખાતે સ્ટાફની અછતનું કારણ આપી વ્યાજબી માગણી સ્વીકારી નથી. ૨૦ વર્ષમાં કોડીનારથી એ કપણ નવો લોકોપયોગી રૂટ આપવામાં આવ્યો નથી. જેની સામે અમરેલી એસટી વિભાગ દર વર્ષે નવા રૂટ શરૂ કરે છે. કોડીનારના કેટલાક જાગૃત નાગરિકોએ કોડીનાર-અંબાજી બસ સેવા રૂટ ફેરફાર સાથે ફરીથી શરૂ કરવાની માગ અમદાવાદની એસટી મધ્યસ્થ કચેરી અને વાહનવ્યવહાર મંત્રીને કરેલ છે.

# કોડીનાર-અમરેલી વાયા ઘાંટવડ બસ ફરીથી શરૂ કરાઈ




કોડીનાર, તા.૧૫

કોડીનાર ડેપો દ્વારા સંચાલિત કોડીનાર-અમરેલી વાયા દલખાણીયા, ધારી બસ ચોમાસા દરમિયાન ખરાબ રસ્તાનાં કારણે બંધ કરી દેવામાં આવી હતી. મુસાફરોની માંગણીને કારણે આ બસ સેવાનો ફરીથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ રૂટ ઉપરથી કોડીનાર-અમરેલી બપોરે ૨:૦૦ વાગે ઉપડતી બસ ઘણા સમયથી બંધ છે. તેને પણ તાત્કાલિક શરૂ કરવા મુસાફરોએ માંગ કરી છે.

# ધોરાજીમાં પતંગનાં દોરાથી બાઈક પર જઈ રહેલા યુવાનનું ગળું કપાયું

**ગંભીર રીતે ઘવાયેલા યુવકને હોસ્પિટલ ખાતે ખસેડાયો**



ધોરાજી, તા.૧૫

ધોરાજી ખાતે બાઈક પર જઈ રહેલા યુવકને ગળાનાં ભાગે પતંગનો દોર આવતા યુવાન ગંભીર રીતે ઘાયલ થવાની ઘટના બનવા પામી છે. ઉદય માંકડ નામનો યુવાન ધોરાજીથી જેતપુર તરફ બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે અચાનક પતંગનો દોરો ગળાનાં ભાગે ઘસાતા યુવકને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. ત્યારબાદ યુવકની સ્થિતિ ગંભીર જણાતા વધુ સારવાર અર્થે જૂનાગઢ ખસેડાયો હતો.

# પારેખ પરિવાર દ્વારા દોતેરા હિલીંગ હેન્ડ્સ ફાઉન્ડેશનના સહયોગથી OCT અને ગ્રીન લેઝર મશીન અર્પણ

**ટીબી હોસ્પિટલના આંખ વિભાગને રૂ. ૭૪ લાખના આધુનિક મશીનોની ભેટ**



ભાવનગર,તા.૧૫

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીબી (જિ.ભાવનગર)ના આંખ વિભાગને મહત્વપૂર્ણ સાધનોની ભેટ મળી છે. હોસ્પિટલના દાતા કક્ષાબેન પારેખ અને વિપુલભાઈ પારેખના પુત્ર યશ પારેખ તથા તેમના અમેરિકા સ્થિત બિઝનેસ પાર્ટનર વિષ્ણુ અધિકારી દ્વારા દોતેરા હિલીંગ હેન્ડ્સ ફાઉન્ડેશન તરફથી રૂ.૭૪,૦૦,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. આ રકમથી ખરીદવામાં આવેલા ઓસીટી અને ગ્રીન લેઝર મશીન દ્વારા દર્દીઓની આંખનું સ્કેનિંગ કરી શકાશે અને આંખ તેમજ આંખના પડદાની કોઈપણ તકલીફની ઓળખ કરી તેની લેઝર દ્વારા સારવાર કરી શકાશે. તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આ અત્યાધુનિક મશીનોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતા કક્ષાબેન પારેખ, વૃતાબેન, સ્નેહબેન, ત્રિશાબેન તેમજ સ્થાનિક ટ્રસ્ટીઓ અને આંખના નિષ્ણાત સર્જન ડૉ. જયેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# તા. ૧૭મીએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી આંબરડી સફારી પાર્કની મુલાકાતે

**આંબરડી પાર્ક ખાતે વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાશે**



અમરેલી તા.૧૫

આગામી તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ને શુક્રવાર રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અમરેલી જિલ્લાના ધારી મુકામે આવેલા આંબરડી સફારી પાર્કની મુલાકાત કરશે. રાજ્યપાલની અમરેલી જિલ્લાની મુલાકાતના સંદર્ભે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે એક બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટરે, રાજ્યપાલની આંબરડી સફારી પાર્કની મુલાકાત કાર્યક્રમના આયોજન અંગે વન, પોલીસ, માર્ગ અને મકાન, ફાયર, ખોરાક અને ઔષધ નિયમન, આરોગ્ય, ફાયર સેફ્ટી, સિંચાઈ સહિતની કચેરીઓને કરવાની થતી કામગીરી બાબતે દિશાનિર્દેશો આપ્યા હતા. રાજ્યપાલ ધારી મુકામે આવેલા આંબરડી સફારી પાર્કમાં ઈન્ટરપ્રિટેશન સેન્ટરની મુલાકાત કરશે અને ત્યારબાદ આંબરડી સફારી પાર્ક ખાતે એશિયાટિક સિંહ સહિતના વન્ય જીવોનું વિચરણ નિહાળશે. ત્યારબાદ પરિસરમાં રાજ્યપાલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવશે.

## અવસાન નોંધ

**ખાંભા**

તુળશીભાઈ અરજણભાઈ જાદવ (ઉ.વ.૪૦)નું તા.૧૩/૧ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તે અરજણભાઈ સવજીભાઈ જાદવના પુત્ર, રોહિતભાઈ, ગોપાભાઈના પિતા, કાળુભાઈ ઘુઘાભાઈ, જયપાલના કાકા, ભોપાભાઈ ભોથાભાઈ, દિનેશભાઈના નાનાભાઈ, મુનાભાઈ બાબુભાઈના કાકા થાય છે. તેમનું બેસણું તા.૧૭/૧ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે તેમના નિવાસસ્થાને રાખેલ છે.

# ઘઉંની ટેકાના ભાવે ખરીદી : ખેડૂતોએ ઓનલાઈન નોંધણી માટે ગ્રામ પંચાયતનો સંપર્ક કરવો

અમરેલી તા.૧૫

ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવી ઋતુ ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે રુ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવશે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વી.સી.ઈ મારફતે કરવામાં આવશે. નોંધણી માટે જરુરી પુરાવા જેવા કે, આધારકાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭/૧૨, ૮ અ, ખેડૂતના બેંક ખાતાની વિગત જેમ કે, બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવી. પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતોએ ગ્રામ પંચાયતનો સંપર્ક કરીને ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે. ખેડૂતોએ ખરીદી સમયે પોતાનું આધારકાર્ડ, ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. બાયોમેટ્રીક ઓથેન્ટિકેશન દ્વારા જ ખેડૂત ખાતેદારના જથ્થાની ખરીદી કરવામાં આવશે. નોંધણી સમયે ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં આવશે તો અને તેવા કિસ્સામાં તેમનો ક્રમ રદ કરવામાં આવશે. નોંધણી માટે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નં. ૮૫૧૧૧૭૧૭૧૮, ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરવાનો રહેશે.

# ધોરાજી ખાતે ઈસ્લામ ધર્મના ખલીફા હજરત અલી શેરે ખુદાના જન્મ દિવસની ઉજવણી કરાશે




ધોરાજી, તા.૧૫

ધોરાજી ખાતે સુન્ની સંપ્રદાયના ચોથા ખલીફા અને સિદ્ધ પુરુષ અને હજરત ઈમામ હસન ઈમામ એ હુસેનના પિતા એવા હજરત અલી શેરે ખુદાનો જન્મ દિવસ યા મોલા અલી મદદ ગ્રુપ દ્વારા ખુબ જ શાનો શોકત્ સાથે ઉજવવામાં આવશે. તા ૧૪ જાન્યુઆરીના રોજ બપોરે ૩ કલાકે બહાર પૂરા અરબિયા હોટેલ પાસેથી વિશાળ જુલૂસ નીકળશે. જે ભવ્ય જુલૂસમાં હજારો લોકોનું હુઝુમ ઉમટી પડશે. જેમાં મનકબત એ મોલાં અલી પણ પઢવામાં આવશે અને આ જુલૂસ ધોરાજીના મુખ્ય માર્ગો પર ફરશે અને બાવા ગોર ખાતે પૂર્ણ થશે.


## CHANGE OF NAME

I ASHABEN JAYESHBHAI CHAVDA Have Changed my name From ASHABEN JAESHBHAI CHAVDA To ASHABEN JAYESHBHAI CHAVDA, now i will known as ASHABEN JAYESHBHAI CHAVDA
Sing :- ASHABEN JAYESHBHAI CHAVDA
address :- PLOT NO- 32/B, BHAKTI NAGAR, ADARSH NIVASI SHALA, AMRELI-365601



## -// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૫૬/૨૦૨૪

પ્રતિ,
જગમાલભાઈ રાયસિંહભાઈ વાળા
રે. કાજ, તાલુકો.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી, એન.કે.મોરી તથા વી.વી.રાવલ રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર

-વિરૂધ્ધ-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ
તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી જગમાલભાઈ રાયસિંહભાઈ વાળાના દાદાશ્રી નારણભાઈ આતાભાઈ વાળાનું મરણ તારીખ: ૦૩/૦૪/૧૯૬૮ ના રોજ કાજ ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને ૧૯૬૮ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર



## -//મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૩/૨૦૨૫ તા.૦૯/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. નરેશભાઈ લખમણભાઈ સોડવડીયા
રહે. દોલતી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી દોલતી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાના બહેન **સોડવડિયા દક્ષાબેન લક્ષ્મણભાઇનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૨** ના રોજ મુ. દોલતી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



## -//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૦૫/૨૦૨૫

અરજદાર :- શ્રી કિશોરભાઈ બાલુભાઈ ગજેરા,
રહે. ગજેરાની વાડી, ગજેરાપરા,
જકાતનાકા સામે, સાવરકુંડલા રોડ,
તા/જી-અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા/જી.અમરેલી.

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં કિશોરભાઈ બાલુભાઈ ગજેરા તેમની બહેન શ્રી ભારતીબેન ભુપતભાઈ સાવજની મરણ તા.(૧૯/૧૧/૧૯૯૬)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા..../૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(જી.જી.બાવીસા)
એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ
અમરેલી શહેર



## -// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૫૫/૨૦૨૪

પ્રતિ,
જગમાલભાઈ રાયસિંહભાઈ વાળા
રે. કાજ, તાલુકો.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી, એન.કે.મોરી તથા વી.વી.રાવલ રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર

-વિરૂધ્ધ-
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ
તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી જગમાલભાઈ રાયસિંહભાઈ વાળાના દાદીશ્રી રાજુબેન નારણભાઈ વાળાનું મરણ તારીખ: ૦૩/૦૫/૧૯૫૧ ના રોજ કાજ ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને ૧૯૫૧ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ત્રિવેણી સંગમમાં બે દિવસમાં પાંચ કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું



પ્રયાગરાજ,તા.૧૫

જાન્યુઆરીથી શરૂ થયેલા ૪૫ દિવસના મહાકુંભના ત્રીજા દિવસે પણ ભક્તોએ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવાનું ચાલુ રાખ્યું હતું. પૃથ્વી પરની સૌથી મોટી માનવ ભીડ ગણાતા, આ કુંભના પહેલા બે દિવસમાં ૫ કરોડથી વધુ ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળની ઉત્તર પ્રદેશ સરકારે હેલિકોપ્ટરથી ફૂલોના ભવ્ય વરસાદનું આયોજન કર્યું હતું, જેમાં સંગમ કિનારે હાજર લાખો ભક્તો પર ગુલાબનો વરસાદ કરવામાં આવ્યો હતો. પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરી પોષ પૂર્ણિમાથી શરૂ થયેલા ૪૫ દિવસીય મહાકુંભના ત્રીજા દિવસે પણ ભક્તો ત્રિવેણી સંગમમાં આવી રહ્યા છે. આજે પણ, ભક્તો સંગમ કિનારે સ્નાન કર્યું હતું. પહેલા બે દિવસમાં ૫ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું. પ્રયાગરાજમાં, ૪૫ દિવસના મહાકુંભના ત્રીજા દિવસે ભક્તોએ ગંગા, યમુના અને 'રહસ્યમય' સરસ્વતી નદીઓના પવિત્ર ત્રિવેણી સંગમ ઘાટ પર ડૂબકી લગાવી હતી. છેલ્લા બે દિવસમાં પાંચ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું છે. મકરસંક્રાંતિના અવસર પર, ૩૫ લાખથી વધુ લોકોએ પ્રથમ અમૃત સ્નાનમાં હાજરી આપી હતી.

# દારૂ કૌભાંડમાં કેજરીવાલ અને સિસોદિયા સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કરાશે



નવીદિલ્હી,તા.૧૫

દારૂ કૌભાંડ કેસમાં (દિલ્હી દારૂ કૌભાંડ) ગૃહ મંત્રાલયે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા સામે કેસ ચલાવવાની મંજૂરી આપી દીધી છે. મની લોન્ડરિંગના કેસમાં ED ને આ પરવાનગી મળી છે. ગયા વર્ષે નવેમ્બરમાં, સુપ્રીમ કોર્ટે એક આદેશ આપ્યો હતો અને કહ્યું હતુ કે જાહેર સેવક પર કેસ ચલાવવા માટે સત્તાધિકારી પાસેથી પરવાનગી લેવી પડશે. ઈડીએ અરવિંદ કેજરીવાલને દારૂ કૌભાંડનો માસ્ટરમાઈન્ડ અને કિંગપિન ગણાવ્યો હતો. ઈડીએ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ ચાર્જશીટ પણ દાખલ કરી છે. અરવિંદ કેજરીવાલે ચાર્જશીટ સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી અને કહ્યું હતું કે ચાર્જશીટ પર ધ્યાન આપવા પર રોક લગાવવી જોઈએ. ઈડીએ ૨૧ માર્ચે દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી હતી અને મે મહિનામાં તેમની, પાર્ટીના અન્ય લોકો વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. દારૂ કૌભાંડ કેસમાં ઈડીએ તેની ચાર્જશીટમાં અરવિંદ કેજરીવાલ તેમજ મનીષ સિસોદિયાને કૌભાંડના માસ્ટરમાઈન્ડ તરીકે નામ આપ્યા છે. તપાસ એજન્સીનું કહેવું છે કે કેજરીવાલ અને સિસોદિયાએ એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨માં ફેરફાર કર્યા હતા, જેમાં ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ આપી હતી.

# ઉત્તર ભારતમાં કડકડતી ઠંડીથી જનજીવન થંભી ગયું, વરસાદનું યલો એલર્ટ જારી કરાયું

નવીદિલ્હી, તા.૧૫

દેશની રાજધાની દિલ્હી અને યુપી સહિત અનેક રાજ્યોમાં વરસાદના સ્પેલ બાદ ફરી ધુમ્મસ ફરી વળ્યું છે. દિલ્હી-એનસીઆર અને યુપીમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. તે જ સમયે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સૂર્યપ્રકાશને કારણે ઠંડીથી પીડાતા લોકોને રાહત મળી હતી. જોકે, સવારે ગાઢ ધુમ્મસ યથાવત રહ્યું હતું, જેના પરિણામે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શૂન્ય વિઝિબિલિટી જોવા મળી હતી અને ફ્લાઈટ ઓપરેશનમાં અવરોધ ઊભો થયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બુધવારે દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં હવામાન ફરી બદલાઈ શકે છે. દિવસભર વાદળછાયું વાતાવરણ રહેશે અને સાંજે કે રાત્રે હળવા વરસાદની શક્યતા છે. મંગળવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૮.૯ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૧.૫ ડિગ્રી વધુ હતું. ઉત્તર પ્રદેશમાં પણ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

# નૌકાદળને મજબૂત બનાવવા વડાપ્રધાને ત્રણ ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો રાષ્ટ્રને સમર્પિત કર્યા



(એચ.નવીદિલ્હી,તા.૧૫

પીએમ મોદીએ મુંબઈના નેવી ડોકયાર્ડ ખાતે નૌકાદળના ૩ ફ્રન્ટલાઈન યુદ્ધ જહાજો -આઈએનએસ સુરત, આઈએનએસ નીલગિરી અને આઈએનએસ વાગશીર રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. આ પ્રસંગે, પીએમએ કહ્યું કે નવા યુદ્ધ જહાજો રાષ્ટ્રની સુરક્ષાને મજબૂત બનાવશે. ભારત નૌકાદળને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું ભરી રહ્યું છે. આપણી નૌકાદળે સેંકડો લોકોના જીવ બચાવ્યા છે. પીએમએ કહ્યું કે ત્રણેય દળોએ આત્મનિર્ભરતાનો મંત્ર અપનાવ્યો છે. ભારત વિસ્તરણવાદ નહીં, પરંતુ વિકાસની ભાવના સાથે આગળ વધે છે. તેમણે એમ પણ કહ્યું કે આજે ભારતને સમગ્ર વિશ્વમાં અને ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં એક વિશ્વસનીય અને જવાબદાર ભાગીદાર તરીકે ઓળખવામાં આવી રહ્યું છે. પીએમએ કહ્યું કે ભારત પર વિશ્વનો વિશ્વાસ વધી રહ્યો છે. આપણે આખી દુનિયાને પરિવાર માનીએ છીએ. પ્રધાનમંત્રીએ કહ્યું કે, એ ગર્વની વાત છે કે ત્રણેય ફ્રન્ટલાઈન નૌકાદળો ભારતમાં બનેલા છે. આજનું ભારત વિશ્વમાં એક મોટી દરિયાઈ શક્તિ તરીકે ઉભરી રહ્યું છે.

# ૧૯૭૮માં સંભલમાં થયેલ રમખાણોમાં ગુમાવેલી જમીન હિન્દુઓને પાછી મળી

સંભલ,તા.૧૫

૧૯૭૮માં સંભલમાં થયેલા રમખાણો દરમિયાન, હિન્દુ પરિવારોને ભગાડી દેવામાં આવ્યા હતા અને અન્ય સમુદાયના લોકોએ તેમની જમીન પર કબજો જમાવી લીધો હતો. તેને મેદાન પર ન આવવાની ધમકી પણ આપવામાં આવી હતી. એટલું જ નહીં, કબજા હેઠળની જમીન પર એક શાળા પણ બનાવવામાં આવી હતી. જોકે, હવે સંભલ વહીવટીતંત્રે કાર્યવાહી કરી છે અને કબજે કરેલી જમીન હિન્દુ પરિવારોને પાછી સોંપી દીધી છે. કુલ ત્રણ હિન્દુ પરિવારોને જમીનનો કબજો પાછો આપવામાં આવ્યો છે. ૨૪ નવેમ્બરના રોજ થયેલી હિંસા પછી સંભલમાં વહીવટીતંત્રની આ સૌથી મોટી કાર્યવાહી માનવામાં આવી રહી છે. જેમાં વહીવટીતંત્રે કરોડો રૂપિયાની જમીન હિન્દુઓને પરત કરી દીધી છે. સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ વંદના મિશ્રાએ સંબંધિત પરિવારોનો કબજો લઈ લીધો છે અને તેમની સુરક્ષા માટે ત્યાં પોલીસ પણ તૈનાત કરી છે.


# અરવિંદ કેજરીવાલ પર ખાલિસ્તાની હુમલાની આશંકા : ગુપ્તચર એજન્સીઓએ એલર્ટ જારી કર્યું



નવીદિલ્હી,તા.૧૫

દેશની રાજધાની દિલ્હીથી આ સમયે મોટા સમાચાર સામે આવ્યા છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અંગે ગુપ્તચર એજન્સીઓએ એલર્ટ જારી કર્યું છે. ખાલિસ્તાનીઓ કેજરીવાલ પર હુમલો કરી શકે છે. ગુપ્તચર એજન્સીઓએ દિલ્હી પોલીસ સાથે માહિતી શેર કરી છે. તમને જણાવી દઈએ કે અરવિંદ કેજરીવાલને Z શ્રેણીની સુરક્ષા મળી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને, અરવિંદ કેજરીવાલ આજે પોતાનું નામાંકન દાખલ કરશે. તેઓ મહિલા સમર્થકો સાથે પોતાનું ઉમેદવારીપત્ર ભરવા જશે. ઉમેદવારી નોંધાવતા પહેલા કેજરીવાલ વાલ્મીકિ મંદિર અને હનુમાન મંદિરની પણ મુલાકાત લેશે. તેઓ સવારે ૧૦ વાગ્યે વાલ્મીકિ મંદિરની મુલાકાત લેશે. આ પછી તે હનુમાન મંદિર જશે. દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. ૭૦ વિધાનસભા બેઠકો માટે નામાંકન પ્રક્રિયા પણ ચાલી રહી છે. દિલ્હીમાં ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ એક જ તબક્કામાં મતદાન થશે અને ચૂંટણીના પરિણામો ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવશે. અરવિંદ કેજરીવાલના નેતૃત્વ હેઠળની આમ આદમી પાર્ટી દિલ્હીમાં બે વાર જીતી છે અને ત્રીજી વખત જીતવા માટે પ્રયત્નશીલ છે. તે જ સમયે, ભાજપ આ ચૂંટણીને દિલ્હીમાં સત્તામાં પાછા ફરવાની ચાવી માનીને પોતાની બધી તાકાત લગાવી રહી છે.

# રાજસ્થાનના મહેંદીપુર બાલાજી સ્થિત ધર્મશાળામાં એક જ પરિવારના ૪ સભ્યોના મૃતદેહ મળતાં ખળભળાટ



(એચ.એસ.એલ),દૌસા,તા.૧૫

રાજસ્થાનના મહેંદીપુર બાલાજી મંદિર સાથે જોડાયેલા એક મોટા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. પોતાની સમસ્યાઓનું નિરાકરણ લાવવા મંદિરમાં આવેલા એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ ધર્મશાળામાંથી મળી આવ્યા હતા. જે બાદ ઘટનાસ્થળે સનસનાટી ફેલાઈ ગઈ. શરૂઆતમાં, પોલીસ તેને આત્મહત્યાનો મામલો માની રહી છે. તમને જણાવી દઈએ કે મહેંદીપુર બાલાજી રાજસ્થાનના દૌસા જિલ્લામાં સ્થિત એક પ્રખ્યાત હનુમાન મંદિર છે. મંગળવારે રાત્રે રાજસ્થાનના મહેંદીપુર બાલાજી શહેરમાં આવેલી ધર્મશાળામાં એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવતા સનસનાટી મચી ગઈ હતી. મૃતકોમાં માતા-પિતા અને એક પુત્ર અને પુત્રીનો સમાવેશ થાય છે, જે ઉત્તરાખંડના દેહરાદૂન વિસ્તારના રાયપુરના રહેવાસી છે. આ બધાએ ૧૨ જાન્યુઆરીએ સમાધિ વાલી ગલીમાં રાધા-કૃષ્ણ આશ્રમ ધર્મશાળામાં એક રૂમ ભાડે લીધો હતો અને ૧૪ જાન્યુઆરીએ બપોરે ચેક આઉટ કરવાનું હતું. સાંજે સફાઈ કર્મચારીઓ રૂમની બહાર પહોંચ્યા ત્યારે ત્યાં કોઈ હિલચાલ જોવા મળી નહીં. આ માહિતી મેનેજરને આપવામાં આવી, જ્યારે તે ત્યાં પહોંચ્યો ત્યારે તેણે જોયું કે દરવાજો ખુલ્લો હતો અને રૂમમાં ચાર મૃતદેહો પડેલા હતા.

# દ.આફ્રિકામાં ગેરકાયદેસર સોનું કાઢી રહેલા ૧૦૦થી વધુ મજૂરોનાં મોત



જોહાનીસબર્ગ,તા.૧૫

દક્ષિણ આફ્રિકામાં સોનાની ખાણમાં ફસાયેલા ૧૦૦થી વધુ કામદારોના મોત થયા છે. અલ જઝીરાના અહેવાલ મુજબ ખાણમાં બે મહિનાથી ૪૦૦થી વધુ કામદારો હાજર હતા. આ તમામ લોકો ગેરકાયદેસર રીતે સોનું ખોદવા ખાણમાં પ્રવેશ્યા હતા. રાહત અને બચાવ કામગીરી માટે ખાસ માઈનીંગ રેસ્ક્યુ ટીમને સ્થળ પર મોકલવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, ભૂખ અને તરસને કારણે કામદારોએ જીવ ગુમાવ્યો છે. અત્યાર સુધીમાં ૧૩ મૃતદેહો મળી આવ્યા છે. ઘણા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. બચાવાયેલા કામદારો પાસેથી એક સેલફોન મળી આવ્યો હતો, જેમાં ૨ વીડિયો હતા. આ વીડિયોમાં ડઝનેક મૃતદેહો પોલિથીનમાં લપેટાયેલા જોવા મળે છે.

# ભારત ગઠબંધન માત્ર રાષ્ટ્રીય સ્તરની ચૂંટણી માટે જ રચાયું હતું : શરદ પવાર

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૫

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે જંગ જારી છે. ઈન્ડિયા બ્લોકના અસ્તિત્વને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું વિધાનસભા ચૂંટણીમાં ભારતનું ગઠબંધન સમાપ્ત થઈ ગયું છે? ઈન્ડિયા એલાયન્સના દિગ્ગજ નેતા શરદ પવારે આ સવાલોના જવાબ આપ્યા છે. મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું હતું કે ભારત ગઠબંધન માત્ર રાષ્ટ્રીય સ્તરની ચૂંટણી માટે જ રચાયું હતું. વિધાનસભાની ચૂંટણીમાં તેનો કોઈ અર્થ નથી. તેમણે કહ્યું કે સ્થાનિક ચૂંટણીઓ અને રાજ્યની ચૂંટણીઓ માટે ભારતના જોડાણમાં ક્યારેય કોઈ ચર્ચા થઈ નથી. તમને જણાવી દઈએ કે જો કોઈ કારણસર મધ્યસત્ર ચૂંટણી ન થાય તો પાંચ વર્ષ પછી ૨૦૨૯માં જ લોકસભાની ચૂંટણી યોજાશે. એનસીપી નેતા શરદ પવારે મોટું નિવેદન આપ્યું છે.

# દક્ષિણ કોરિયામાં હંગામો : રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલની ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ



સિઓલ,તા.૧૫

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલની ધરપકડ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે યૂન દક્ષિણ કોરિયામાં મહાભિયોગનો સામનો કરી રહ્યા હતા અને તેમના પર ધરપકડની તલવાર લટકી રહી હતી. દક્ષિણ કોરિયાના અધિકારીઓએ ૩ ડિસેમ્બરે માર્શલ લોની ઘોષણા સંબંધિત બાબતોમાં આ કાર્યવાહી કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સવારે ત્રણ હજારથી વધુ પોલીસ અધિકારીઓ અને ભ્રષ્ટાચાર વિરોધી તપાસકર્તાઓ યેઓલના ઘર નજીક પહોંચ્યા, જ્યાં યૂન સમર્થકો અને શાસક પીપલ્સ પાવર પાર્ટીના સભ્યો વચ્ચે સુરક્ષા દળો સાથે અથડામણ થઈ. આ સમયગાળા દરમિયાન ઘણા લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આ બધી ગતિરોધ વચ્ચે, યુન સુક યેઓલની હવે ધરપકડ કરવામાં આવી છે. ખરેખર, યુને ૩ ડિસેમ્બરે માર્શલ લો જાહેર કર્યો હતો. તેમની આ જાહેરાતથી દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો અને જનતા પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.

# 'ઈમરજન્સી' રિલીઝના ૩ દિવસ પહેલા કંગના રનૌતને ઝટકો : બાંગ્લાદેશમાં ફિલ્મ પર પ્રતિબંધ




(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૫

કંગના રનૌત દ્વારા નિર્દેશિત બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ઇમર્જન્સી' પર બાંગ્લાદેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ફિલ્મની રિલીઝ પહેલા કંગના માટે આ એક મોટો આંચકો છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના વર્તમાન તણાવપૂર્ણ સંબંધોને કારણે પાડોશી દેશે આ નિર્ણય લીધો છે. ફિલ્મ 'ઈમરજન્સી' ૧૯૭૫માં તત્કાલિન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી દ્વારા ભારતમાં જાહેર કરાયેલી કટોકટી પર આધારિત છે. મામલા સાથે જોડાયેલા એક સૂત્ર અનુસાર બાંગ્લાદેશમાં ઈમરજન્સીનું સ્ક્રીનિંગ રોકવાનો નિર્ણય ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વર્તમાન તણાવપૂર્ણ સંબંધોથી જોડાયેલો છે. આ પ્રતિબંધ ફિલ્મની થીમથી ઓછો અને બંને દેશો વચ્ચે ચાલી રહેલા રાજકીય તણાવપૂર્ણ સંબંધોને કારણે છે. ઈમરજન્સી ૧૯૭૧ના બાંગ્લાદેશના સ્વતંત્રતા સંગ્રામમાં ભારતીય સેના અને ઈન્દિરા ગાંધી સરકારની ભૂમિકા તથા શેક મુઝીબુર્રહમાનને આપેલા સમર્થનને દેખાડવામાં આવ્યું છે, જેમને બાંગ્લાદેશના જનક કહેવામાં આવે છે. ફિલ્મમાં બાંગ્લાદેશી કટ્ટરપંથીઓ દ્વારા મુઝીબુર્રહમાનની હત્યાને પણ દેખાડવામાં આવી છે, તે કારણે માનવામાં આવે છે કે બાંગ્લાદેશે આ ફિલ્મ પર પ્રતિબંધ લગાવ્યો છે. ભારતના સિનેમાઘરોમાં ઈમરજન્સી ત્રણ દિવસમાં રિલીઝ થશે.

# પીઓકે વિના જમ્મુ-કાશ્મીર અધુરું : રક્ષામંત્રી રાજનાથસિંહ



અખનૂર,તા.૧૫

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પીઓકે અને પાકિસ્તાન અંગે મોટું નિવેદન આપ્યું છે. ૯મા સશસ્ત્ર દળોના વેટરન્સ ડે કાર્યક્રમમાં બોલતા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે જમ્મુ અને કાશ્મીર પીઓકે વિના અધૂરું છે. પાકિસ્તાન માટે પીઓકે એક વિદેશી પ્રદેશથી વધુ કંઈ નથી. પીઓકેની જમીનનો ઉપયોગ આતંકવાદના ધંધા માટે થઈ રહ્યો છે. પીઓકેમાં આતંકવાદી તાલીમ શિબિરો ચલાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે પાકિસ્તાને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) માં તેના આતંકવાદી માળખાને તોડી નાખવું જોઈએ અથવા પરિણામો ભોગવવા તૈયાર રહેવું જોઈએ. જમ્મુ અને કાશ્મીરના અખનૂરમાં ભૂતપૂર્વ સૈનિકોને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે પીઓકેની જમીનનો ઉપયોગ કરી રહ્યું છે. આજે પણ ત્યાં આતંકવાદી તાલીમ શિબિરો ચાલી રહી છે. સરહદ નજીકના વિસ્તારોમાં લોન્ચ પેડ બનાવવામાં આવ્યા છે અને ભારત સરકારને આ અંગે સંપૂર્ણ માહિતી છે અને તે પરિસ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૫માં અખનૂરમાં યુદ્ધ થયું હતું.

### યુવક-યુવતીની સગાઈ અન્યત્ર થઈ જતા એક નહી થવાની બીકે

# બગસરામાં બની રહેલા મકાનમાં પ્રેમી પંખીડાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**યુવક-યુવતીએ ત્રણ દિવસ પહેલા ગળાફાંસો ખાધો હોવાનું પ્રાથમિક તારણ**

અમરેલી, તા.૧૫

બગસરામાં ડાંગીયાપીર જવાના માર્ગ પર આવેલા એક બની રહેલા મકાનમાં પ્રેમી પંખીડાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતા બગસરા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. બગસરામાં આવેલા ડાંગીયાપીર જવાના માર્ગ પર જીતેશભાઈ ઝાલાનું મકાન બની રહ્યુ હતું જો કે ઘણા સમયથી આ મકાન બંધ હાલતમાં હોવાથી આ મકાનમાં બે દિવસ પહેલા કુંકાવાવ ગામે રહેતા દેવીપૂજક કિશન બાવકુંભાઈ ચારોલીયા(ઉ.વ.૨૫) અને બગસરા ગામે રહેતી મિરલ ભાદાભાઈ વાઘેલા(ઉ.વ.૨૩) નામના



યુવક-યુવતીએ બની રહેલા મકાનમાં જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ યુવક-યુવતીની સગાઈ અન્યત્ર થઈ ગઈ હોવાથી હવે સમાજ એક થવા દેશે નહી એવી બીકથી બંનેએ સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લાશનો કબજો મેળવી પોસ્ટમાર્ટમ માટે મોકલવામાં આવી હતી. લાશને જોતા બંનેએ ત્રણ દિવસ પૂર્વે આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ છે. બંને તા.૧૦ના રોજ ઘરેથી નાસી ગયા હોવાનું પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું.

**બાળકો મકાનમાં પતંગ માટે ગયાને લાશ જોઈ**

મકરસંક્રાંતિના બીજા દિવસે પતંગ લૂંટયા બાદ પતંગ મુકવા માટે બાળકો મકાનમાં ગયા હતા. મકાનમાં જતા બાળકોએ યુવક-યુવતીની લાશને જોતા જ તાત્કાલિક પોતાના પરિવારને વાત કરી હતી અને ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી.

**મકાનમાં લાશ દુર્ગંધ મારતી હતી**

કુંકાવાવનો દેવીપૂજક યુવક કિશન અને બગસરાની દેવીપૂજક યુવતી મિરલએ તા.૧૦ના રોજ ઘરેથી ભાગી ગયા બાદ બે દિવસ પછી બગસરા ડાંગીયાપીર જવાના માર્ગ પર આવેલા એક બંધ મકાનમાં જઈ આપઘાત કર્યો હતો. લાશને ત્રણ દિવસ જેટલો સમય વીતિ ગયો હોવાનું પ્રાથમિક તારણ છે કારણ કે લાશ ખુબ જ દુર્ગંધ મારતી હતી અને બંને લાશ કાળી પડી ગઈ હતી.

## કોડીનારનાં મૂળદ્વારકા રોડ પર ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં યુવાનનું મૃત્યુ

**એસ.આર.ડી. જવાન ફરજ પરથી ઘેર જઈ રહ્યા હતા**

કોડીનાર, તા.૧૫

કોડીનાર-મૂળદ્વારકા રોડ પર ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં સાગર રક્ષક દળમાં ફરજ બજાવતા જવાનનું કરૂણ મૃત્યુ થયું છે. ગત રાત્રીનાં સમયે લક્ષ્મણભાઈ વાજા તેમની ફરજ બજાવવા માટે મૂળદ્વારકા ગામે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં બંધ હાલતમાં ઉભેલા ટ્રક સાથે તેમનું મોટરસાયકલ ધડાકાભેર અથડાયું



તસવીર : કુલદીપ પાઠક

હતું. જેનાં કારણે લક્ષ્મણભાઈને માથાના પાછળનાં ભાગે અને શરીર પર ઈજા થઈ હતી. ૧૦૮ મારફતે સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલે લઈ જવામાં આવ્યાં હતા. જયાં ફરજ પરના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહને પી.એમ. માટે સરકારી દવાખાને ખસેડાયો હતો. લક્ષ્મણભાઈને સંતાનમાં ત્રણ દીકરા અને એક દીકરી હોય તેમના અકાળે અવસાનથી પરિવાર નોધારો બન્યો છે.

## સોમનાથ મંદિરમાં મકરસંક્રાંતિના પુણ્ય કાળમાં ધાર્મિક કાર્ય કરાયા

સોમનાથ, તા.૧૫

મકરસંક્રાંતિના પાવન પર્વ પર શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સૂર્યપૂજા, ગૌપૂજા સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાતઃ આરતી બાદ સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સૂર્યપૂજન, તેમજ ગૌપૂજન કર્યું હતું. શાસ્ત્રોકત વિધિવિધાન સાથે મકરસંક્રાંતિના પુણ્યકાળમાં વિશ્વ કલ્યાણની પ્રાર્થના સાથે આ પૂજન કરાયા હતા. સવારે જ સોમનાથ ટ્રસ્ટ દ્વારા મંદિર





પરિસરમાં ગૌ પૂજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ સંચાલિત ગીર ગૌશાળામાંથી લવાયેલ ગૌમાતાને શ્રૃંગાર કરીને વિધિવત પૂજન કરીને તેમને ભોગ લગાવવામાં આવ્યો હતો. આ પૂજનમાં દેશભરના જુદા જુદા રાજ્યોમાંથી ઓનલાઈન માધ્યમથી ૩૦૦ થી વધુ ભક્ત પરિવારો પૂજામાં જોડાયા હતા. સંક્રાંતિ કાળમાં શ્રી સોમનાથ મહાદેવને શુધ્ધોદક જલ, દૂધ, દહીં, સાકર, સહિતના દ્રવ્યોમાં તલ ભેળવીને વિશેષ અભિષેક પણ કરાયો હતો.

## પાટણમાં સ્કોર્પિયો કારનો ટેમ્પો ટ્રાવેલર સાથે અકસ્માતઃ ૨ના મોત, ૨ ઘાયલ

પાટણ,તા.૧૫



પાટણના શંખેશ્વરમાં આજે સવારે થયેલા એક ગોઝારા અકસ્માતમાં બે વ્યક્તિના મોત થયા હતા અને બે ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના શંખેશ્વરના જહાજ મંદિર પાસે બની હતી. મળતી માહિતી મુજબ, પૂરઝડપે આવી રહેલી એક સ્કોર્પિયો કાર રોંગ સાઇડ પર પડેલા ટેમ્પો ટ્રાવેલર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં સ્કોર્પિયો કાર હવામાં ઉછળીને ટેમ્પો ટ્રાવેલરના બોનેટ પર જઇ અથડાઈ હતી. આ ઘટનામાં મંદિરે આવેલા લોકોને ઈજા પહોંચી હતી. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં બે વ્યક્તિને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. મૃતકો અને ઘાયલો બધા જ શંખેશ્વરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. શંખેશ્વર ખાતે બસ સ્ટેશનની સામે સોમવારે મોડી રાત્રે એક સ્કોર્પિયો કાર ઓવરસ્પીડ ઝડપે જઈ રહી હતી જે દરમ્યાન અચાનક સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર રોડની સાઈડમાં પલ્ટી મારી અને રોડની સાઈડમાં પડેલા ટેમ્પો ટ્રાવેલર સાથે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સ્કોર્પિયો ગાડીમાં સવાર ૪ યુવકોને ગંભીર ઈજાઓ થઇ હતી જેમાં બે યુવક દીક્ષિત ગઢવી, બ્રિજેશ ડાભીનું મોત થયું હતું તો અન્ય એકને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો છે તો એક યુવાનને સામાન્ય ઈજા થઇ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ચાર મિત્રો મોડી રાત્રે શંખેશ્વર ખાતે ઘરે પરત આવતા હતા. જેમાં એક તો શંખેશ્વર તાલુકા સરપંચ ડી.કે.ગઢવીનો પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. બે યુવાનના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

## 'ઈકોઝોન હટાવો'ના સૂત્ર લખેલા પતંગો ચગાવી ઉત્તરાયણની અલગ રીતે ઉજવણી

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૧૫

જુનાગઢમાં ઈકો ઝોનને લઈને ગરીબો અને વ્યાપારીઓએ અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. ઉતરાયણ પર્વને લઈ ગામના લોકો અને પતંગબાજોએ કાયદાની વિરુદ્ધમાં કલાત્મક રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો. પતંગ ઉડાવીને તેમણે કાયદાને તરત જ રદ કરવા અને તેમની પરંપરાગત જીવનશૈલી પર અસર થાય




તેવો કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ન લાદવાની માંગ કરી હતી. ગીરમાં ઉત્તરાયણના દિવસે આપ નેતા પ્રવીણ રામે જાહેર કરેલા પ્રોગ્રામ અંતર્ગત ઠેર ઠેર અલગ રીતે વિરોધ સાથે ઉત્તરાયણનો તહેવાર ઉજવવામાં આવ્યો હતો. ઉત્તરાયણના દિવસે ગીરના તમામ ગામડાઓમાં 'ઈકોઝોન હટાવો'ના સૂત્ર લખેલા પતંગો ચગાવી ઉત્તરાયણની અલગ રીતે ઉજવણી કરવા પ્રવીણ રામ દ્વારા આહ્‌વાન કરવામાં આવ્યું હતું. ત્યારે આ આહ્‌વાનને ધ્યાને લઈ તાલાલા, મેંદરડા અને વિસાવદરમાં વહેલી સવારથી યુવાનો અને નાના નાના ભૂલકાઓ ઉત્સાહ સાથે 'ઈકોઝોન હટાવો'ના સૂત્ર લખેલા પતંગો ચગાવતા નજરે પડ્યા હતા.

## ગુજરાતમાં ઠંડીથી મળશે આંશિક રાહત: હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં આગામી ૨૪ કલાક લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર થશે. પશ્ચિમી વિક્ષેપોને કારણે તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીથી આંશિક રાહત મળશે. વાસી ઉત્તરાયણના દિવસે પવનની ઝડપ ૧૫ થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

ઉત્તરાયણના દિવસે વહેલી સવારથી જ ઠંડો પવન ફૂંકાયો હતો. પવનના જોરને કારણે પતંગબાજોને પતંગ ચગાવવાની મોજ પડી ગઈ હતી. હવામાન વિભાગની આગાહી મુજબ ઉત્તરાયણ બાદ ઠંડીમાં સહેજ ઘટાડો થવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી ઠંડા પવનો ફૂંકાવાને કારણે ઠંડીનો અનુભવ થશે. ગઈ કાલ મોડી રાત્રે મહત્તમ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો નોંધાયો હતો.




## સુરતમાં ઓવરબ્રિજ પરથી ૫૦ ફૂટ નીચે પટકાતા યુવકનું મોત

સુરત, તા.૧૫

સુરતના કતારગામ દરવાજા વિસ્તારમાં ઓવરબ્રિજ પરથી એક્ટિવા પર બે યુવક પસાર થઈ રહ્યા હતા. એક્ટિવાચાલક ઓવરબ્રિજ પર પૂરઝડપે એક્ટિવા ચલાવી રહ્યો હતો, એના કારણે એકાએક તેણે એક્ટિવાના હેન્ડલ પરનો કાબૂ ગુમાવતાં ડિવાઈડર સાથે અથડાઈને ઓવરબ્રિજ પરથી સીધું જ ૫૦ ફૂટ નીચે પટકાયું હતું. આ એક્ટિવા સાથે ચાલક અને તેની પાછળ બેઠેલો યુવક પણ ઓવરબ્રિજ નીચે પટકાયા હતા. આ બંને યુવક ગંભીર રીતે



ઈજાગ્રસ્ત થયા હતા અને માથાના ભાગે પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી, જોકે એક્ટિવા પાછળ બેસેલા સાજિદ હુસૈન સૈયદનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે ચાલક યુસુફ ઈમરાન શાહ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.







